RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 77, Dt.10-06-2024 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મોદી સરકાર ૩.૦નો પ્રારંભ: કિસાન નિધિના હપ્તાને મંજૂરી



## આજે સાંજે કેબિનેટની પ્રથમ બેઠકઃ આગામી ૧૦૦ દિવસના રોડ મેપ સહિત નવી નીતિઓ અને કાર્યક્રમ અંગે ચર્ચા થશેઃ આર્થિક સુધારા, સામાજિક યોજનાઓ અને સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર સરકાર ધ્યાન કેન્દ્રીત કરશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સતત ત્રીજી વખત વડાપ્રધાન પદના શપથ લીધા બાદ પીએમ મોદીએ ખેડૂતો અંગે એક મોટો નિર્ણય લીધો છે. તેમણે સોમવારે ખેડૂત સન્માન નિધિનો હપ્તો જારી કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કરી દીધા છે. નવમી જૂને વડાપ્રધાન પદના શપથ લીધા બાદ આજે નરેન્દ્ર મોદીએ કાર્યાલય જઈને ચાર્જ સંભાળ્યો હતો. કાર્યાલયના પ્રથમ દિવસે જ પીએમ મોદીએ ખેડૂતોને કિસાન નિધિ હેઠળ આપવામાં આવતા નાણાં અંગે નિર્ણય લીધો હતો. કુલ ૯.૩ કરોડ લાભાર્થી ખેડૂતોને કુલ ૨૦ હજાર કરોડ રૂપિયાની વહેંચણી કરવામાં આવી છે.

પીએમ મોદીએ વડાપ્રધાન ખેડૂત સન્માન નિધિનો ૧૭ હપ્તો જારી કરવાની ફાઈલ પર હસ્તાક્ષર કરી દીધા. તેનાથી ૯.૩ ખેડૂતોને થશે લાભ અને લગભગ ૨૦૦૦૦ કરોડ રૂપિયાનું વિતરણ કરશે.

મોદીએ રવિવારે રાષ્ટ્રપતિ ભવનના પ્રાંગણમાં સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. પીએમ મોદી ઉપરાંત ૩૦ કેબિનેટ મંત્રીઓ, ૫ રાજ્ય મંત્રીઓ (સ્વતંત્ર હવાલો) અને ૩૬ રાજ્ય મંત્રીઓએ પણ શપથ લીધા છે. પીએમ મોદીની કેબિનેટમાં ૩૩ નવા ચહેરાનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાંથી ૧૧ બિન-ભાજપ ઉમેદવારોને સ્થાન મળ્યું છે. શપથ લીધા બાદ મોદી સરકાર એક્શનમાં જોવા મળી રહી છે. મોદી સરકાર બન્યા બાદ કેબિનેટે આજે સાંજે ૫ વાગે પ્રથમ બેઠક બોલાવી છે.

# સૌરાષ્ટ્ર-ગુજરાતમાં આંધી સાથે વરસાદ: ૪ લોકોના મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નૈઋત્ય ચોમાસાની ગુજરાતમાં એન્ટ્રી થવાના દિવસો ગણાય રહ્યા છે. ચોમાસાની વિધિવત શરૂઆત પુર્વે જ પ્રિ-મોનસુન વરસાદ શરૂ થઈ ગયો હોય તેમ રાજયના દરિયાકાંઠા સહિતના ભાગોમાં ૩-૩ ઈંચ સુધી વરસાદ નોંધાયો હતો. ભાવનગર જેવા જીલ્લાઓમાં ભારે તોફાની આંધી સાથે વરસાદ થતા વૃક્ષો-થાંભલા ધરાશયી થવા ઉપરાંત મકાનોના છાપરા ઉડયા હતા. ભરૂચ પંથકમાં આંધી ફુંકાવાથી વૃક્ષ નીચે દબાઈ જવાથી એક મહિલા સહિત ત્રણ લોકોના મોત થયા હતા. અમરેલીના બાબરામાં પણ વરસાદી પાણીમાં કાર તણાઈ જતા ચાલકનું મોત થયુ હતું.

ગુજરાતને ચોમાસાનુ વિધિવત આગમન હજુ થયુ નથી પરંતુ પ્રિ-મોનસુન વરસાદ ઝંઝાવાતી બન્યો છે. અનેક ભાગોમાં ચોમાસા જેવો ભારે વરસાદ થયો હતો. રાજયના ૯ તાલુકામાં બે-બે ઈંચ કરતા વધુ પાણી વરસ્યુ હતું. ધરમપુર તાલુકામાં ૪ કલાકમાં ૩ ઈંચ વરસાદ થતા રસ્તાઓ જળબંબાકાર બન્યા હતા. ઉમરપાડામાં બે ઈંચ, છોટા ઉદેપુરના કવાંટમાં બે ઈંચ, તાપીના વલેટમાં ૩ ઈંચ વરસાદ હતો. કપરાડા-પારડીમાં પણ ભારે વરસાદ નોંધાયો હતો.

# મોદી સરકારના ત્રીજા કાર્યકાળમાં અનેક મોટા નિર્ણયો લેવાશે

## એક દેશ એક ચૂંટણી, સમાન નાગરિક સંહિતા, આયુષ્યમાન ભારત વિસ્તરણ સહિતના અનેક કાયદાઓ અમલી બનશે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રવિવારે દેશમાં નવી સરકારની રચના થઈ હતી. નરેન્દ્ર મોદી સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે શપથ લઈ ઈતિહાસ રચ્યો. લગભગ છ દાયકા પછી આ પ્રથમ વખત બન્યું જ્યારે કોઈ નેતા સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા. નરેન્દ્ર મોદીના શપથવિધિ સાથે જ તેમના નેતૃત્વમાં ત્રીજી સરકાર કામ કરવાનું શરૂ કર્યુ.

મોદી સતત કહેતા રહ્યા છે કે તેમનો ત્રીજો કાર્યકાળ મોટા નિર્ણયોથી ભરેલો હશે. છેલ્લા ૧૦ વર્ષનું કામ માત્ર ટ્રેલર છે. જ્યારે તેઓ NDA સંસદીય દળના નેતા તરીકે ચૂંટાયા ત્યારે પણ તેમણે આ વાતોનું પુનરાવર્તન કર્યું હતું. મોદીના બીજા કાર્યકાળમાં જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા, રામ મંદિરનું નિર્માણ,



નાગરિકતા કાયદાનો અમલ જેવા મોટા નિર્ણયો ગણાય છે. આવી સ્થિતિમાં લોકોના મનમાં એક પ્રશ્ન પણ છે કે એનડીએ સરકાર આ વખતે કયા મોટા અને કઠિન નિર્ણયો લઈ શકે છે? છેવટે, કયા ક્ષેત્રોમાં મોટા નિર્ણયો લઈ શકાય?

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભાજપના મેનિફેસ્ટોમાં એક દેશ, એક ચૂંટણીનું વચન આપવામાં આવ્યું છે. નરેન્દ્ર મોદી સહિત ભાજપના તમામ મોટા નેતાઓ તેનો અમલ કરવાની હિમાયત કરી રહ્યા છે. વાસ્તવમાં નરેન્દ્ર મોદીએ ૨૦૧૯ના સ્વતંત્રતા દિવસે એક દેશ એક ચૂંટણીનો ઉલ્લેખ કર્યો હતો. ત્યારથી, ભાજપ ઘણા પ્રસંગોએ 'એક દેશ, એક ચૂંટણી'ની વાત કરે છે.

હકીકતમાં, વન નેશન વન ઇલેક્શન પર ચર્ચા ૨૦૧૮માં કાયદા પંચના ડ્રાફ્ટ રિપોર્ટ બાદ શરૂ થઈ હતી. તે અહેવાલમાં આર્થિક કારણોની ગણતરી કરવામાં આવી હતી. પંચે કહ્યું કે ૨૦૧૪માં લોકસભા ચૂંટણીનો ખર્ચ અને ત્યારપછીની વિધાનસભા ચૂંટણીનો ખર્ચ લગભગ સરખો હતો. તે જ સમયે, જો એકસાથે ચૂંટણી યોજવામાં આવે છે, તો આ ખર્ચને ૫૦:૫૦ ના ગુણોત્તરમાં વહેંચવામાં આવશે.

સમગ્ર દેશમાં દરેક માટે સમાન કાયદો બનાવવો એ ભાજપના એજન્ડા પર છે. પાર્ટીએ પોતાના ૨૦૨૪ના મેનિફેસ્ટોમાં આ વિષય રાખ્યો છે. ભારતીય જનતા પાર્ટીએ ૨૦૨૨માં યોજાયેલી ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણીમાં તેને મુદ્દો બનાવ્યો હતો અને ચૂંટણી જીત્યા બાદ તેનો અમલ પણ કર્યો હતો. હવે ભાજપના નેતૃત્વ હેઠળના NDAના ત્રીજા કાર્યકાળમાં સમાન નાગરિક સંહિતા માટે દબાણ કરવા પર ભાર મુકવામાં આવી શકે છે. જોકે, આ માટે સાથી પક્ષો પાસેથી સમર્થન મેળવવું એક મોટો પડકાર હશે. ઞઈઈના મામલે ઉઉઅએ પણ કહ્યું છે કે આમાં દરેકનો અભિપ્રાય જરૂરી છે.

# જમ્મુમાં બસ પર આતંકી હુમલોઃ ૧૦ લોકોના મોત

## આતંકીઓની શોધખોળ માટે ડ્રોનનો ઉપયોગઃ વડાપ્રધાન મોદીએ એલ.જી. સાથે વાત કરી







**મુખ્ય સમાચાર, જમ્મુ**

કેન્દ્રમાં નવી સરકારે શપથ ગ્રહણ કર્યા તે દિવસે રવિવારે સાંજે જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લાના કંડા વિસ્તારમાં આતંકવાદીઓએ શ્રધ્ધાળુઓની બસ પર હુમલો કર્યો હતો. બે આતંકીઓના ફાયરીંગથી ડ્રાઈવર ઘાયલ થતા બસ ખીણમાં પડી હતી અને ૧૦ લોકોના મૃત્યુ નિપજયા હતા. આ બનાવના પગલે વડાપ્રધાને એલજી સાથે વાત કરી હતી.

ત્રાસવાદીઓના આ હુમલાથી લોકોમાં ભય ફેલાઇ ગયો છે. આગામી દિવસોમાં અમરનાથ યાત્રા શરૂ થવાની છે. આ બાદ બાબા બુઢ્ઢા અમરનાથજીની યાત્રા પણ પુંછમાં શરૂ થવાની છે. જેમાં જુદા જુદા રાજ્યોમાંથી ભકતો આવે છે. આ હુમલા બાદ જમ્મુ કાશ્મીરમાં સ્થિતિ યોગ્ય નહીં હોવાની વાત પ્રસરી છે. આથી હાલ આ આતંકવાદીઓને પકડવા માટે સેના અને પોલીસ ડ્રોન કેમેરા સહિતના રસ્તે શોધખોળ ચલાવી રહી છે.

છેલ્લા ચાર વર્ષોથી આતંકીઓ રાજૌરી અને પુંછ બંને જિલ્લામાં હુમલા કરતા આવ્યા છે. હવે રહેણાંક જિલ્લામાં હુમલાનો બનાવ બન્યો છે અને તેઓ ભાગી જવામાં પણ સફળ થયા છે. આતંકીઓ હુમલા કરીને પોતાના સુરક્ષીત સ્થળે પહોંચી જાય છે. સુરક્ષા દળોને તેમની ભાળ મળતી નથી.

જે વિસ્તારમાં આતંકવાદીઓ હુમલો કર્યો છે તે વિસ્તારમાં આતંકીઓ થોડા સમય પહેલા સુધી ખુબ સક્રિય હતા થોડા વર્ષથી અહીં લોકો શાંતિનો અનુભવ કરતા હતા. હવે ફરી ભય જાગ્યો છે. રાજૌરી અને પુંછ જિલ્લામાં સ્થાનિક લોકો પણ ભયભીત બન્યા છે. ઉપરોકત બસમાં ભકતો શિવ ખોરી મંદિરના દર્શન કરવા જતા હતા ત્યારે હુમલો કર્યો હતો. ફાયરીંગ બાદ ૫૩ મુસાફરો સાથેની બસ ખીણમાં ખાબકી હતી જેમાં ૧૦ લોકોના જીવ ગયા હતા. ઘાયલોને સરકારી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા.

# સી.આર. પાટીલને મોદી કેબિનેટમાં સ્થાન મળતાં ગુજરાત ભાજપને નવા પ્રમુખ મળશે



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

નવસારીની બેઠક પરથી પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ ફરી જંગી બહુમતી સાથે સંસદમાં ચૂંટાયા છે. આ સાથે તેમને નવી કેન્દ્ર સરકારમાં પ્રધાનપદ પણ મળી ગયું છે. આથી હવે ગુજરાત ભાજપના સંગઠનમાં મોટા ફેરફાર થાય અને પ્રદેશ પ્રમુખ તરીકે નવો ચહેરો આવશે તેવી અટકળો તેજ બની છે. સી.આર.પાટીલના સંગઠનના રેકર્ડને જોતા તેમની જવાબદારી લંબાવવામાં આવી હતી પરંતુ હવે પ્રમુખ પદે અન્ય નેતા મુકવામાં આવશે.

હાલ દિલ્હીમાં સરકાર રચના, કેબીનેટ, ખાતા ફાળવણી સહિતની પ્રક્રિયા ચાલુ છે. આથી ગુજરાત ભાજપના નવા પ્રમુખની જાહેરાત જુલાઇમાં થવાની ધારણા છે. રાષ્ટ્રીય અને પ્રદેશ નેતાગીરીમાં આ રીતે ટુંક સમયમાં નવા અને મોટા ફેરફાર આવશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સતત ત્રીજી ટર્મ માટે દેશની શાસન ધૂરા સંભાળી છે અને એનડીએ ગઠબંધન સાથેની આ સરકારમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા તથા ગુજરાતના પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલનો સમાવેશ કેબીનેટ મંત્રી તરીકે થયો છે. આ સાથે હવે રાષ્ટ્રીય અને ગુજરાતના પ્રમુખ પદે રાષ્ટ્રીય નેતૃત્વ કોની પસંદગી કરશે તેને લઇને અટકળો તેજ બની છે.


# નીટ વિવાદ વધુ વકર્યો : પેપર લીકનો કેન્દ્રનો ઈન્કારઃ ગ્રેસ માર્ક્સ મુદ્દે સમિતિ રચી

## ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ફરી પરીક્ષા આપવી પડે તેવી શક્યતાઃ કોટાના ૧૨,૦૦૦ વિદ્યાર્થીઓની સુપ્રીમમાં પીઆઈએલ કરવા તૈયારી : મહારાષ્ટ્ર સરકારે પણ પરીક્ષા રદ કરવા માગ કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

મેડિકલ કોલેજોમાં પ્રવેશ માટેની પરીક્ષા નીટના પરિણામોમાં કથિત કૌભાંડના મુદ્દે દેશભરમાં ભારે હોબાળો મચ્યો છે અને સીબીઆઈ તપાસની માગ કરાઈ રહી છે. આવા સમયે નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ શનિવારે આ પરીક્ષામાં ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક્સ આપવાના મુદ્દાની તપાસ માટે ચાર સભ્યોની સમિતિની રચના કરી છે. આ સમિતિના રિપોર્ટ પછી ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ફરી પરીક્ષા આપવી પડે તેવી સંભાવના છે તેમ એજન્સીએ જણાવ્યું હતું. બીજીબાજુ નીટમાં કૌભાંડના આક્ષેપો સાથે કોટાના ૧૨,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ફરીથી પરીક્ષા યોજવા સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરશે તેમ જણાવાય છે.

દેશભરમાં નીટનું પરીણામ જાહેર થયા પછી તેમાં ગ્રેસ માર્ક્સનો વિવાદ વકર્યા પછી કૌભાંડના આક્ષેપોના પગલે પુનઃ પરીક્ષા યોજવાની માગ સતત વધી રહી છે. આવા સમયે દેશમાં નીટનું આયોજન કરતી નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)એ શનિવારે જણાવ્યું હતું કે, શિક્ષણ મંત્રાલયે ગ્રેસ માર્ક્સ વિવાદની તપાસ માટે ચાર સભ્યોની સમિતિ બનાવી છે. યુપીએસસીના પૂર્વ અધ્યક્ષની આગેવાનીમાં આ સમિતિ એક સપ્તાહની અંદર તેનો રિપોર્ટ સોંપશે.





એનટીએનું કહેવું છે કે વિદ્યાર્થીઓને ગ્રેસ માર્ક્સ આપવાથી પરિણામ અથવા ક્વોલિફાઈંગ ક્રાઈટેરિયામાં કોઈ તફાવત આવ્યો નથી. એનટીએએ પેપર લીકના આરોપો પણ ફગાવી દીધા છે. એનટીએના ડીજી સુબોધ કુમાર સિંહે કહ્યું કે, 'આ માત્ર ૧૫૦૦થી વધુ વિદ્યાર્થીઓનો મુદ્દો છે જ્યારે દેશભરમાં પેપર ૨૩ લાખથી વધુ વિદ્યાર્થીઓએ આપ્યું હતું. આખા દેશમાં ૪,૭૫૦ સેન્ટર પર નીટનું આયોજન થયું હતું અને સમયમાં અનિયમિતતાની સમસ્યા માત્ર ૬ સેન્ટરમાં થઈ હતી. આમ, વાસ્તવિક રીતે આ વિવાદ ખૂબ જ નાનો છે.'

તેમણે ઉમેર્યું કે, 'સમિતિ આ બધા જ ૧૬૦૦ વિદ્યાર્થીઓના પેપર ચકાસસશે અને તેમને અપાયેલા ગ્રેસ માર્ક્સ અથવા ટાઈમ લોસની સમિક્ષા પણ કરાશે. જરૂર પડશે તો આ વિદ્યાર્થીઓએ ફરીથી પરીક્ષા આપવી પડશે. જોકે, તેનાથી નીટના પરીણામ પછી યોજાતી એમબીબીએસ અને બીડીએસ સહિત વિવિધ મેડિકલ કોલેજની પ્રવેશ પરીક્ષા પર કોઈ અસર નહીં પડે. સમિતિ એક સપ્તાહમાં જે ભલામણ કરશે તેના આધારે નિર્ણય લેવાશે.'

પેપર લીકના આક્ષેપો અંગે સુબોધ કુમાર સિંહે કહ્યું કે, સોશિયલ મીડિયા પર જે પેપર આવ્યું છે તે પેપર શરૂ થયા પછી આવ્યું હતું. અમે ભવિષ્યમાં અમારા પ્રોટોકોલ અને સ્ટાન્ડર્ડ વધુ મજબૂત બનાવીશું જેથી ફરી આ પ્રકારની ભૂલ ના થાય. સમય બગડવા મુદ્દે સમિતિની બેઠક યોજાઈ હતી અને તેમણે કેન્દ્રો અને સીસીટીવીની બધી જ વિગતોનો અભ્યાસ કર્યો હતો. અમને જાણવા મળ્યું હતું કે કેટલાક કેન્દ્રો પર વિદ્યાર્થીઓનો સમય બગડયો છે અને તેના માટે વિદ્યાર્થીઓને વળતર આપવું જોઈએ. સમિતિએ વિદ્યાર્થીઓની ફરિયાદો દૂર કરવા માટે ગ્રેસ માર્ક્સ આપ્યા હતા. આ કારણે કેટલાક વિદ્યાર્થીઓને ૭૧૮ અને ૭૧૯ માર્ક મળ્યા અને ૬ ઉમેદવાર ટોપર બની ગયા. હકીકતમાં અમારી પરીક્ષા પ્રક્રિયા ખૂબ જ પારદર્શી રહી છે.

દરમિયાન મહારાષ્ટ્રસરકારે પણ નીટની પરીક્ષા તાત્કાલિક રદ કરવા માગણી કરી હતી. રાજ્ય સરકારનો આક્ષેપ છે કે આ પરીણામોથી રાજ્યના હજારો વિદ્યાર્થીઓને અન્યાય થયો છે. બીજીબાજુ નીટમાં કૌભાંડના આક્ષેપો કરતા કોટા શહેરના ૧૨,૦૦૦ વિદ્યાર્થીઓ તરફથી સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ કરવાની તૈયારી કરાઈ રહી છે. કોટાના શિક્ષણવિદ અને મોશન કોચિંગ સેન્ટરના ડિરેક્ટર નિતિન વિજયે કહ્યું કે, આ ૨૪ લાખ બાળકો સાથે સંકળાયેલા દોઢ કરોડ લોકોનો મુદ્દો છે.

# ડુંગળીના ભાવમાં એક સપ્તાહમાં ૨૦ ટકાથી વધુનો થયેલો વધારો

## બજારમાં ઓછી આવકના કારણે કિંમતમાં વધારો, જથ્થાબંધ ભાવ વધતા રીટેલમાં પણ ભાવ વધ્યાઃ ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવાથી પણ ભાવમાં સુધારાને વેગ મળ્યો છે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આ વર્ષે અત્યાર સુધી મોંઘવારીમાં રાહત આપતી ડુંગળીના ભાવ હવે ગ્રાહકોના આંસુ પાડવા તૈયાર છે. છેલ્લા કેટલાક દિવસોથી બજારોમાં ડુંગળીના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે. નિષ્ણાતોના મતે બજારોમાં ડુંગળીનું આવકના કારણે ભાવમાં એક સપ્તાહમાં ૨૦ ટકાથી વધુનો વધારો થયો છે. છેલ્લા મહિનામાં નીચા ભાવથી પરેશાન ખેડૂતો બજારોમાં ઓછી ડુંગળી લાવી રહ્યા છે. શરતો સાથે ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવાથી પણ ભાવમાં સુધારાને વેગ મળ્યો છે.

જથ્થાબંધ બજારોમાં ડુંગળીના ભાવમાં રૂ.૫૦૦નો વધારો થયો છે. મુખ્ય ઉત્પાદક રાજ્ય મહારાષ્ટ્રના પિંપળગાંવ




નાસિકમાં ડુંગળીનો જથ્થાબંધ ભાવ ૧ જૂનના રોજ રૂ. ૪૦૦ થી રૂ. ૨,૪૦૦ હતો, જે આજે વધીને રૂ. ૮૦૦ થી રૂ. ૨,૯૦૦ પ્રતિ કિવન્ટલ થયો છે. મંડીઓમાં ડુંગળીના ભાવમાં વધારાને કારણે રીટેલ બજારમાં પણ ડુંગળીના ભાવમાં વધારો થયો છે.

સેન્ટ્રલ કન્ઝયુમર અફેર્સ ડિપાર્ટમેન્ટના ડેટા અનુસાર, ૧ જૂને દેશભરમાં ડુંગળીની સરેરાશ છૂટક કિંમત ૩૧.૮૪ રૂપિયા પ્રતિ કિલો હતી, જે આજે વધીને ૩૨.૯૩ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન, દિલ્હીમાં ડુંગળીની સરેરાશ છૂટક કિંમત ૩૦ રૂપિયાથી વધીને ૩૫ રૂપિયા અને મહારાષ્ટ્રમાં ૨૮.૪૨ રૂપિયાથી વધીને ૩૧.૨૬ રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

પાછલા મહિનાઓમાં ઓછા ભાવને કારણે ખેડૂતો બજારમાં ઓછી ડુંગળી લાવી રહ્યા છે. જો આવકો વધુ ઓછી રહેશે તો ભાવ રૂ. ૩,૦૦૦ને પાર કરી શકે છે. બજારોમાં સારો માલ ઓછો આવી રહ્યો છે. જેના કારણે સારી ગુણવત્તાવાળી ડુંગળીના ભાવમાં વધારો થયો છે.ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ હટાવવાથી સર્જાયેલું સકારાત્મક વાતાવરણ પણ ડુંગળીના ભાવમાં વધારાનું કારણ બની શકે છે. જોકે, શરતોના અમલને કારણે મોટા પાયે નિકાસ શક્ય નથી.

# જામનગરની સાધના કોલોનીમાં બે જર્જરિત ઈમારતોના ૨૪ ફ્લેટનું ડિમોલિશન





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સાધના કોલોનીમાં બે જર્જરિત ઈમારતોના ૨૪ ફ્લેટનું ડિમોલિશન જામનગરમાં સાધના કોલોની વિસ્તારમાં જર્જરીત બનેલા બે બિલ્ડીંગના ૨૪ ફ્લેટ તોડી પાડવાની કામગીરી શરૂ થઈ છે. સ્થાનિકો દ્વારા બે હાથ જોડી વિરોધ દર્શાવ્યો અને વૈકલ્પિક જગ્યા રહેવા માટે માંગણી કરી પરંતુ તંત્ર દ્વારા પોલીસ પ્રોટેકશન હેઠળ પાડતોડ શરૂ કરાઈ છે.જામનગરની સાધના કોલોની વિસ્તારમાં હાઉસિંગ બોર્ડના એમ ૬૩ અને એમ ૬૪ નંબરના બે બિલ્ડીંગ અતિ જર્જરીત હાલતમાં છે, જેમાં આવેલા ૨૪ ફ્લેટ કે જેના તમામ ફ્લેટ ધારકોને જગ્યા ખાલી કરાવડાવી દેવાઈ છે, અને તે બંને બિલ્ડીંગને જમીનદોસ્ત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.આ સમયે સ્થાનિકોએ જોરદાર વિરોધ કર્યો છે, અને વૈકલ્પિક વ્યવસ્થાની માંગણી કરાઈ છે, પરંતુ તંત્રએ ભારે પોલીસ બંદોબસ્તની વચ્ચે ડિમોલિશન કાર્ય શરૂ કર્યું છે. જામનગરની જૂની સાધના કોલોની વિસ્તારમાં એક વર્ષ પહેલા જર્જરીત બની ગયેલું હાઉસિંગ બોર્ડનું એક બિલ્ડીંગ જમીન દોસ્ત થતાં તેમા દબાઈ જવાથી ચાર વ્યક્તિએ જીવ ગુમાવ્યા હતાં.આ દરમિયાન તંત્ર દ્વારા આ વિસ્તારમાં આવેલા અન્ય કેટલાક બિલ્ડીંગમાં રહેતા નાગરિકોને તાત્કાલિક અસરથી નોટીસ આપીને જગ્યા ખાલી કરાવાઈ હતી. આ વિસ્તારમાં આવેલા એમ-૬૩ અને એમ-૬૪ નંબરના અતિ જર્જરિત બનેલા બંને બિલ્ડીંગના ૨૪ ફ્લેટને આજે તોડી પાડવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખાની ટુકડી, હાઉસિંગ બોર્ડની ટીમ દ્વારા ડિમોલીશન શરૂ કરાયું હતું. ત્યારે ભારે પોલીસ બંદોબસ્ત રાખવામાં આવ્યો છે.સ્થાનિકો દ્વારા આ કાર્યવાહી સામે વિરોધ દર્શાવાયો છે, અને બંને હાથ જોડીને વૈકલ્પિક જગ્યા આપવા માટેની માંગણી કરવામાં આવી રહી છે. પરંતુ દ્વારા કોઈ પણ પ્રકારની રજુઆતો સાંભળ્યા વિના અતિ જોખમી બંને બિલ્ડીંગો તોડી પાડવાનું શરૂ કરી દેવાયું છે. આ કામગીરી સમયે એસ્ટેટ વિભાગના અધિકારી મુકેશ વરણવા, તેમજ દબાણ નિરીક્ષક સુનિલ ભાનુશાળી અને સ્ટાફના અનવર ગજણ તેમજ યુવરાજસિંહ વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.સાધના કોલોનીમાં ઓપરેશન ડિમોલીશન સમયે વિરોધ કરી રહેલા એક યુવાન બેભાન થઈ ગયા હતાં. તુરંત જ ૧૦૮ને બોલાવાઈ હતી અને તેને પ્રાથમિક સારવાર શરૂ કરવામાં આવી હતી.બીજીતરફ વાતાવરણ વધુ ઉગ્ર બનતા અને સ્થાનિકો ટોળે વળીને વિરોધ પ્રદર્શન કરતા હોવાથી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, સિટી ઈજનેર ભાવેશ જાની પણ સ્થળ પર પહોંચ્યા હતાં.

# પશુ પાલકોને મળતી લોન માટે બનાવટી ડોક્યુમેન્ટ ઉભા કરી ઉપલેટાની HDFC બેંક સાથે લાખોની છેતરપિંડી

## ઢાંક ગામના પુરુષો અને મહિલાઓ સહિત નવ સામે નોંધાવાઈ છેતરપિંડીની ફરિયાદ







**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

ઉપલેટાની HDFC બેન્કમાં ખોટા બિલો અને ડોક્યુમેન્ટ રજૂ કરી લાખો રૂપીયાની લોન મેળવી લોન નહીં ભરેલ તેમજ શરતોનું પાલન નહીં કરતા HDFC બેન્કના રિજનલ મેનેજર દ્વારા ઢાંક ગામના નવ વ્યક્તિઓ સામે છેતરપિંડી સહિતની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હોવાનું સામે આવ્યું છે જેમાં આ છેતરપિંડીમાં બેંક મેનેજર દ્વારા પુરૂષો તેમજ મહિલાઓ સહિત નવ જેટલા વ્યક્તિઓના નામની ભાયાવદર પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ બાબતના ફરિયાદી અને HDFC બેન્કના રિજનલ મેનેજર કેતનભાઇ જગદીશચંદ્ર દવે દ્વારા પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે જેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે તે વ્યક્તિઓ HDFC બેન્કની ઉપલેટાની શાખામાં ગ્રાહક બની પશુ ખરીદવા માટે તેમજ પશુ સંબંધિત પશુપાલકોને મળતી લોન મેળવવા માટેની અરજીઓ કરી તેમની સાથે દૂધની આવક અંગેના દાખલાઓ તેમજ અલગ-અલગ દૂધની ડેરીઓ ખાતેથી બનાવટી ડોક્યુમેન્ટ મેળવી અને ખોટી માહિતીઓ આપી બનાવટી ડોક્યુમેન્ટ ને ખરા તરીકે ઉપયોગ કરી બેંકમાંથી લોન મેળવી બેંકને લોનની રકમ નહીં ચૂકવતા તેમજ લોનના એગ્રીમેન્ટની શરતોનું પાલન નહીં કરતા બેન્ક દ્વારા આપવામાં આવેલી કુલ રૂપિયા ૬૪,૬૬,૪૪૯/- ના નાણાની રકમ નહીં ચૂકવતા બેંક સાથે છેતરપિંડી કરી હોવાની બાબતે બેંક દ્વારા ભાયાવદર પોલીસ મથકમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

આ મામલાની અંદર HDFC બેન્કના મેનેજર દ્વારા નોંધાવેલી પોલીસ ફરિયાદમાં ઉપલેટા તાલુકાના ઢાંક ગામના મહાવીરસિંહ ગોગુભા વાળા, રમેશભાઈ કાનભાઈ કરોતરા, ભીખાભાઈ પુંજાભાઈ ભારાઈ, હીરાભાઈ ધાનાભાઈ ભારાઈ, ભીખુભાઈ મંગળુંભાઈ ભીખુભાઈ માલા, મધુબેન હરસુરભાઈ માકડ, ભીખાભાઈ ચનાભાઈ કરોતરા, ટમુબેન ભીખાભાઈ કરોતરા અને રંજનબેન ભાણાભાઈ ડાંગર સહિત નવ વ્યક્તિઓ સામે પોલીસ ફરિયાદ નોંધાય છે જેમાં પોલીસે પુરૂષો તેમજ મહિલાઓ સહિત નવ વ્યક્તિઓ સામે I.P.C. કલમ ૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ ગુનો નોંધી ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

આ મામલામાં અલગ-અલગ વ્યક્તિઓ દ્વારા પશુપાલકોને લોન આપ્યા બાદ ગ્રાહકો દ્વારા બેંકને નાણાં નહીં ચૂકવતા બેંક દ્વારા લીગલ કાર્યવાહી હાથ ધરી હોવા છતાં પણ ગ્રાહકોએ પૈસા નહીં ચૂકવતા બેંકના રિજનલ મેનેજર કેતનભાઇ જગદીશચંદ્ર દવે દ્વારા આ મામલે ભાયાવદર પોલીસમાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હોવાની માહિતીઓ સામે આવી છે જેમાં અલગ-અલગ કુલ નવ જેટલા વ્યક્તિઓ સામે લાખો રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાય છે ત્યારે આ મામલાની અંદર ઊંડાણપૂર્વક તપાસ થાય તો બેંકની પણ ક્ષતિઓ અને ખામીઓ સામે આવી શકે છે તેવી પણ ચર્ચાઓ શરૂ થઈ છે ત્યારે આ મામલાની તપાસ ભાયાવદર પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેકટર આર.વી. ભિમાણી ચલાવી રહ્યા છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરવામાં આવે આ HDFC બેંકમાં તે સમયે કોની કેટલી લોન મંજૂર કરવામાં આવેલ હતી તેની વિગતો:- (૧) મહાવીરસિંહ ગોગુભા વાળા - રૂપિયા ૦૯,૬૬,૨૫૧/-

(૨) રમેશભાઈ કાનભાઈ કરોતરા - રૂપિયા ૦૯,૬૬,૨૫૧/-

(૩) ભીખાભાઈ પુંજાભાઈ ભારાઈ - રૂપિયા ૦૯,૬૬,૨૫૧/-

(૪) હીરાભાઈ ધાનાભાઈ ભારાઈ - રૂપિયા ૦૯,૬૬,૨૫૧/-

(૫) મંગળુભાઈ ભીખુભાઈ માલા - રૂપિયા ૦૮,૯૧,૯૨૪/-

(૬) મધુબેન હરસુરભાઈ માકડ - રૂપિયા ૦૯,૬૬,૨૫૧/-

(૭) ભીખાભાઈ ચનાભાઈ કરોતરા - રૂપિયા ૦૯,૬૬,૨૫૧/-

(૮) ટમુબેન ભીખાભાઈ કરોતરા - રૂપિયા ૦૯,૬૬,૨૫૧/-

(૯) રંજનબેન ભાણાભાઈ ડાંગર - રૂપિયા ૦૭,૪૩,૨૭૦/-

# જામનગર નજીક મસીતીયા વાડી વિસ્તારમાંથી જુગાર રમતા ૧૧ ઝડપાયા




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર નજીક મસીતીયા વાડી વિસ્તારમાંથી પોલીસે જુગારનો દરોડો પાડી ૧૧ શખ્સોને રૂા. ૪૩ હજાર ઉપરાંતની રોકડ સાથે પકડી પાડયા હતાં.શહેર નજીક આવેલ મસીતીયા ગામના કુકડા કેન્દ્રની બાજુમાં હાજીભાઇની વાડીએ બલ્બના અજવાળે અમુક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી પંચ-બી પોલીસ સ્ટેશનને મળતા તેમણે ત્યાં દરોડો પાડી તીનપતીનો જુગાર રમી રહેલા રૂમાન અલ્તાફ ખફી, દિપેશ પ્રાણજીવન હેડાવ, અમીન અબ્બાસ ખફી, હાજી સીદીક ખફી, સાહીદ ઇમ્તિયાઝ ખફી, ફિરોઝ અલારખા બાબવાણી, તોફીક અબ્દુલ મકરાણી, મોસીન મોહમદ સોનેજા, વસીમ અબ્દુલ સતાર અને હબીબ મુસાભાઇ ખફીને પોલીસે રોકડ રૂા. ૪૩,૧૫૦ તથા ઓટો રીક્ષા જીજે-૧૦યુ-૨૨૮૦ રૂા. ૫૦ હજારની મળી કુલ રૂા. ૯૩,૧૫૦ના મુદ્દામાલ સાથે ૧૧ શખ્સોની અટક કરાઇ છે.

# રાજકોટમાં બનેલી અગ્નિકાંડની ઘટના બાદ દ્વારા ઠેર-ઠેર ચકાસણી ત્યારે ઉપલેટામાં સરકારી તંત્ર હજુ ઘોર નિંદ્રામાં ?

## ગંભીર ઘટના બાદ ઉપલેટામાં તંત્ર દ્વારા સુરક્ષાના નિયમોની યોગ્ય ચકાસણી જરૂરી

**મુખ્ય સમાચાર, કાનભાઈ સુવા**

**ઉપલેટા:** રાજકોટમાં ગેમ ઝોનની અંદર આગ લાગવાની ઘટના બનતા અનેક લોકોના જીવ હોમાઈ ચૂક્યા છે ત્યારે આ ઘટના બાદ તંત્ર અને સરકાર દ્વારા વિવિધ કામગીરીઓ હાથ ધરવામાં આવી છે જેમાં જાહેર જગ્યાઓ ઉપર આવતા બિલ્ડીંગો તેમજ જાહેર જગ્યાઓ પર સુરક્ષા તેમજ નિયમો અને કાયદા મુજબની ઈમારતોમાં યોગ્ય અને નિયમ મુજબ સુવિધાઓ અને કામગીરી ન હોય તેના પર તવાઈ શરૂ થઈ છે ત્યારે ઉપલેટામાં કોઈપણ પ્રકારની ચકાસણી તપાસણી કે સીલ મારવાની કામગીરી નહીં દેખાતા ઉપલેટાના બેદરકાર અને જવાબદાર તંત્ર ઉપર ફરી આળસના આક્ષેપ લાગી રહ્યા હોવાનું સામે આવ્યું છે કારણ કે તંત્રની આળસને કારણે અગાઉ ગંભીર દુર્ઘટનાઓ બની ગઈ છે અને ઘટનાઓના કારણે તંત્ર ઉપર ફિટકારોની વરસાદ પણ વરસી ચુકી છે ત્યારે ઉપલેટાના આ જ આળસુ તંત્ર પુનઃ ફરી આળસુ બની ગયું હોય તેવું જાહેરમાં આક્ષેપ લાગી રહ્યું છે કારણ કે તંત્રના મતે તો જાણે ઉપલેટામાં સબ સલામત હોય તેમ કોઈપણ ચકાસણી કે તપાસણી કરવામાં નહીં તંત્ર પણ અંદરખાને સેટલમેન્ટ કરી ઢાંક પીછોડા કરવા માટે પ્લાન બનાવતી હોય અને કોઈ કાર્યવાહી નહીં કરતા ઉપલેટાનું તંત્ર પુનઃ અગાઉની જેમ આળસુ હોય તેવી પુનઃ ચર્ચા શરૂ થઈ છે.

રાજકોટ જિલ્લાના ઉપલેટા શહેર તેમજ તાલુકા વિસ્તારની અંદર અનેક શાળા, કોલેજ, હોસ્પિટલ, લેબોરેટરી, કોમ્પ્લેક્સ, શોપિંગ મોલ, હોટલ, રેસ્ટોરન્ટ, સરકારી કચેરીઓ, જાહેર સંસ્થાઓ સહિત અનેક ઇમારતો અને સંસ્થાઓ સહિતની ઇમારતો ઊભી છે ત્યારે આ ઇમારતો, સંસ્થાઓ અને જાહેર કચેરીઓમાં પૂરતી સુરક્ષા અને નિયમ મુજબની કામગીરી થાય છે કે નહીં તેને લઈને સરકાર અને તંત્ર દ્વારા ચકાસણીને તપાસણી કરવામાં આવી રહી છે જેમાં એક બાદ એક નિયમનું પાલન ન કરનાર કચેરી કે કોઈપણ બિલ્ડીંગ ઉપર સીલ અને તવાઈની કામગીરી શરૂ છે ત્યારે ઉપલેટામાં તંત્રના આળસથી જાણે સબ સલામત હોય તેમ સમજીને તંત્ર કોઈ કામગીરી નથી કરતું તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. ઉપલેટામાં સરકારી કચેરીઓ, ખાનગી હોસ્પિટલ, સરકારી હોસ્પિટલ જાહેર, પબ્લિક અવન જવન થતું હોય ત્યાં સુરક્ષાને લઈને ખાસ કરીને સ્કૂલ, કોલેજ અને જાહેર સંસ્થાઓ જેમ કે બેંક સહિત જે જગ્યાઓ પર લોકોની વધુ ભીડ હોય છે ત્યાં સુરક્ષા અને નિયમો મુજબની તમામ કામગીરીઓ અને સુરક્ષાની કામગીરી છે કે નહીં તે તપાસ કરવા માટેની ઉપલેટાનું તમામ તંત્ર કોઈ તસ્દી નથી લેતું જેના કારણે ઉપલેટાના તંત્રમાં આળસ ખૂબ ઘર કરી ગઈ હોય તેવી ચર્ચાઓ શરૂ થઈ છે કારણ કે અગાઉ તંત્રની આળસના કારણે એક બહુ મોટી જાનહાની ટળી ગઈ હોવાની સ્યાહી હજી સુકાઈ નથી ત્યારે ઉપલેટા તંત્ર કોઈના મોતની અથવા ગંભીર દુર્ઘટનાની રાહ જોઈ અને પોતે બેદરકાર સાબિત થવા માંગતું હોય તેવી કામગીરી કરવા ઇચ્છતી હોય તેવી પણ ઉપલેટાની જાહેર જનતા ચર્ચા કરી રહી છે. આ બાબતમાં જાગૃત નાગરિકોના જણાવ્યા પ્રમાણે જુઓ ઉપલેટાનું તંત્ર સુરક્ષા નિયમો સૂચનો અને હુકમ મુજબનું આગામી દિવસોમાં કામ નહીં કરે તો તંત્રના જવાબદાર અધિકારીઓ સામે ઉચ્ચ અધિકારીઓ સમક્ષ જવું પડશે તો જ તેમની આળસ અને અણઆવડત ચોક્કસપણે ભાંગશે તેવું જણાવ્યું છે ત્યારે તંત્ર કામગીરી નહીં કરે તો ઉચ્ચ કચેરી ખાતે કાયદેસરની પુરાવા સાથેની ફરિયાદો કરવામાં આવશે તેવી પણ મીડિયા સમક્ષ સૂત્ર પાસેથી માહિતીઓ પ્રાપ્ત થઈ છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે મીડિયાના અહેવાલ બાદ તંત્ર જાગે છે કે કેમ તે તો આવનારા સમયની અંદર જ ખ્યાલ આવશે પરંતુ જો તંત્ર નહીં જાગે તો મીડિયા અને જાગૃત નાગરિકો અને આગેવાનો તંત્રની ભાગદોડમાં ચોક્કસપણે ટૂંક સમયમાં વધારો કરશે તે નક્કી છે.

# જામનગરના રામેશ્વરનગર ક્રિષ્ના પાર્ક વિસ્તારમાં મકાનમાં આગ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના રામેશ્વરનગર ક્રિષ્ના પાર્ક વિસ્તારમાં મકાનમાં આગ જામનગર શહેરના રામેશ્વર નગરના માટેલ ચોક વિસ્તારમાં એક રહેણાંક મકાનમાં રસોડામાં આગ લાગતા ફ્રીજ ફર્નિચર સહિત આરો સહિતની વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ હતી. આગ લાગતા જ ફાયર વિભાગને જાણ કરતા તાત્કાલિક ફાયર વિભાગ ઘટના સ્થળે દોડી આવી અને ફાયર વિભાગના જવાનોએ આગને કાબૂમાં લીધી હતી શહેરમાં રામેશ્વર નગર વિસ્તારમાં માટેલ ચોક પાસે ક્રિષ્ના પાર્ક શેરી નંબર ૩ માં રહેતા આશિષભાઈ વૈદ્યના મકાનમાં રસોડામાં આગ લાગતા રસોડામાં રહેલ સામાન બળીને ખાખ થઈ ગયો હતો. ત્યારે મકાનમાં રસોડામાં અકસ્માતે આગ લાગી હતી. ફાયર શાખાના જવાનો દ્વારા આગ પર સંપૂર્ણપણે કાબૂમાં લેવામાં આવી હતી. રહેણાંક મકાનમાં રસોડામાં આગ લાગી હતી. તેમાં કિચનનું ફર્નિચર ફ્રીઝ અને છ.ઘ સહિતની સાધન સામગ્રીઓ બળીને ખાખ થઈ ગઈ હતી.તાત્કાલિક ફાયર બ્રિગેડની શાખાના જવાનો રહેણાંક મકાનમાં જ્યાં રસોડામાં આગ લાગી હતી, તેને આગ બુજાવી હતી.

# મોરબી પરશુરામ યુવા ગૃપ દ્વારા આયોજીત ત્રી દિવસીય નાઈટ ટુર્નામેન્ટમાં મહાદેવ આર્મી ઈલેવન વિજેતા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શ્રી પરશુરામ યુવા ગૃપ દ્વારા ત્રી દિવસીય નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જુદી જુદી કુલ ૧૬ ટીમો એ ભાગ લીધેલ હતો. જેનો તારીખ ૬ જૂન થી પ્રારંભ થયો હતો જે ટુર્નામેન્ટ તારીખ ૯ જૂન સુધી ચાલી હતી.

જે ટુર્નામેન્ટમાં ૧૬ ટીમોને ભાગ લઈને તેમાંથી ચાર ટીમો રાજકોટની મહાદેવ આર્મી ઈલેવન, અમદાવાદની બ્રહ્મા ઈલેવન, રાપર કચ્છની પરશુરામ ઈલેવન અને મોરબીની જય ભવાની ઈલેવન એમ આ ચાર ટીમ સેમી ફાઇનલમાં પહોંચી હતી. તેમાં મહાદેવ આર્મી ઈલેવન અને બ્રહ્મા ઈલેવન વચ્ચે સેમી ફાઇનલ રમતા મહાદેવ આર્મી ઈલેવન ટીમનો વિજય થયો હતો જ્યારે બીજો સેમી ફાઈનલ પરશુરામ ઈલેવન અને જય ભવાની ઈલેવન વચ્ચે સેમી ફાઇનલ રમતા પરશુરામ ઈલેવન ટીમનો વિજય થયો હતો ત્યાર બાદ મહાદેવ આર્મી ઈલેવન ટીમ અને પરશુરામ ઈલેવન ટીમ વચ્ચે ફાઇનલ મેચ રમાઇ હતી જેમાં મહાદેવ આર્મી ઈલેવન ફાઇનલ મેચ વિજેતા થઈ હતી. ફાઈનલ વિજેતા ટીમને મેડલ તેમજ આકર્ષક ઇનામો તથા રનર્સ અપ ટીમને પણ મેડલ તથા આકર્ષક ઇનામો આપી શ્રી પરશુરામ યુવા ગૃપ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવેલ હતા





# જામનગરમાં મંત્રી રાઘવજીભાઈ પટેલે જિલ્લાના વિવિધ ગામડાઓની શુભેચ્છા મુલાકાત લીધી







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર રાજ્યના કૃષિ, પશુપાલન, ગૌસંવર્ધન, મત્સ્યોધ્યોગ, ગ્રામવિકાસ અને ગ્રામગૃહ નિર્માણ વિભાગના મંત્રી રાઘવજીભાઈ પટેલે જામનગર જિલ્લાના વિવિધ ગામડાઓ જેમાં ખારા બેરાજા, ગોરધનપર, નાઘેડી, રાવલસર ગામની શુભેચ્છા મુલાકાત લીધી હતી. અને લોકસંપર્ક કાર્યક્રમમાં ગામના આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે વિવિધ વિકાસકાર્યોની સમીક્ષા કરી હતી. કૃષિમંત્રી દ્વારા યોજવામાં આવેલા લોકસંપર્કના આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમજ તેઓએ પોતાની રજૂઆત મંત્રી સમક્ષ મૂકી હતી. ઉપસ્થિત સર્વે આગેવાનોને જરૂરી માર્ગદર્શન- સૂચના પૂરી પાડી હતી.

# મોરબીમાં અગાઉની અદાવતનું મનદુઃખ રાખી યુવક ઉપર ચાર શખ્સોએ હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં શોભેશ્વર રોડ ઉપર આવેલ મફતિયાપરામાં રહેતા યુવક અને તેના કુટુંબી ભાઈઓ ઉપર અગાઉની અદાવતનું મનદુ:ખ રાખી ચાર શખ્સો દ્વારા તલવાર, ધોકા, ધારીયા જેવા હથિયાર વડે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી મોટર સાયકલમાં નુકસાની કર્યાની અત્રેના બી ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર મુ માળીયા(મી)ના વતની હાલ મોરબી-૨ શોભેશ્વર રોડ ઇરોસ કારખાનાની સામે રહેતા અલ્તાફભાઈ અબ્દુલભાઈ મોવર ઉવ.૨૦ એ મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં આરોપી ચેતુભાઈ મુકેશભાઈ કોળી રહે શોભેશ્રવર રોડ મફતીયાપરા મોરબી, સદીયો ઉર્ફે ગધો મુકેશભાઈ કોળી રહે શોભેશ્રવર રોડ મફતીયાપરા મોરબી, સુરેશભાઈ કોળી તથા સુનીલભાઈ કોળી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે ફરિયાદી અલ્તાફભાઇના ભાઈ આરીફને આરોપી ચેતુભાઇ દોઢ મહિના પહેલા ઝઘડો થયો હોય જે બાબતનું મનદુઃખ રાખી ગત તા. ૭/૦૬ ના રોજ આરોપી ચેતુભાઈ તથા સદીયો ઉર્ફે ગધો તથા સુરેશભાઈ તથા સુનીલભાઈ તલવાર તથા ધારીયુ તથા લાકડા ના ધોકા જેવા હથીયારો લઈ આવી ફરીયાદી અલ્તાફભાઈ તથા તેના ભાઈ તેમજ કુટુંબી ભાઈઓને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી તથા ફરીયાદી તથા સાહેદના મોટર સાયકલમા નુકશાની કરી ગુનામાં એકબીજાને મદદગારી કર્યાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલ મોરબી સીટી બી ડિવિઝન પોલીસે ઉપરોક્ત ચારેય આરોપીઓ સામે ગુનો દાખલ કર તમામ આરોપીઓની અટકાયત કરવા તજવીજ હાથ ધરી છે.

# મોરબી ગ્રાહક સુરક્ષા કોર્ટમાં દરખાસ્ત લેવાનું બંધ કરાતા ન્યાયમંત્રીને લેખિત રાવ

## ગ્રાહકોને થતા અન્યાય બાબતે ઘોર નિંદ્રાધીન રાજ્ય સરકારને ઢંઢોળવાનો વધુ એક પ્રયાસ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લા ગ્રાહક કોર્ટ ન્યાયધીશ ન હોવાને કારણે છેલ્લા બે મહિનાથી બંધ હતી જયારે હાલ અસ્થાઈ વ્યવસ્થાના ભાગરૂપે રાજકોટથી ન્યાયધીશ દ્વારા ચાલુ કરવામાં આવેલ ગ્રાહક કોર્ટમાં ગ્રાહક તકરાર નિવારણ આયોગમાં બનેલા કેઇસમાં વીમા કંપની કે ફાયનાન્સ કંપની દ્વારા કોર્ટે આપેલી મુદતમાં નાણા ન મળતા આગળની ન્યાયીક પ્રક્રિયામાં દરખાસ્ત ભરવાની હોય જે હાલ મોરબી ગ્રાહક કોર્ટમાં દરખાસ્ત લેવાનું બંધ કરાતા ગ્રાહકને થતા અન્યાય બાબતે મોરબી ગ્રાહક સુરક્ષા મંડળ પ્રમુખ દ્વારા રાજ્યમંત્રી ઋષિકેશ પટેલને લેખિત રજૂઆત કરી યોગ્ય કરવા માંગ કરવામાં આવી છે.

મોરબી ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ દ્વારા વધુ એકવાર ગ્રાહકોને થતા અન્યાય માટે કરવામાં આવેલી રજુઆતમાં જણાવાયુ છે કે મોરબી જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ આયોગમાં જીતેલા ગ્રાહકને સામેની પાર્ટી(વીમા કંપની,ફાયનાન્સ કંપની) સમય મર્યાદામાં પૈસા ના ચુકવે તો દરખાસ્ત ભરવાની હોઇ આખા ગુજરાત રાજયમાં દરખાસ્ત ભરાય છે પરંતુ મોરબીમાં દરખાસ્ત લેવાની ના પાડે છે. જયારે બે મહિનાથી ગ્રાહક સુરક્ષા આયોગ કોર્ટ બંધ હતી કારણ કે ન્યાયમૂર્તિ નથી, સભ્ય નથી, સ્ટેનો નથી, કલાર્ક નથી, પટ્ટાવાળા નથી, હાલ ન્યાય મૂર્તિ રાજકોટથી આવે છે, જયારે કોર્ટનો બાકીનો સ્ટાફ જામનગરથી આવે છે. આ પરીસ્થીતીમાં ગ્રાહક હેરાન પરેશાન થાય છે. પાંચ વર્ષ સુધી કેઇસ ચાલે ગ્રાહક કેઇસ જીતી જાય ત્યારબાદ કોર્ટે આપેલ સમય મર્યાદામાં સામેની પાર્ટી નાણા ના ચુકવે તો દરખાસ્ત ભરે તો સામેની પાર્ટી નાણા ચુકવી આપે, પરંતુ જયાં દરખાસ્ત ભરવામાં આવે નહી તો વીમા કંપની કે ફાયનાન્સ કંપની કે અન્ય પાર્ટીને જોઈતું જડી જાય અને ગ્રાહકને અંતે ન્યાય મળે નહીં. ત્યારે સરકાર દ્વારા ગ્રાહક સુરક્ષાની સુંદર યોજના નિષ્ફળ જાય, સરકારશ્રી જાહેરાત કરે છે કે જાગો ગ્રાહક જાગો ત્રણ મહિનામાં પરીણામ આવશે. ચુકાદો આવે છે પરંતુ ન્યાય(ગ્રાહકને થયેલ આર્થિક નુકસાનનું વળતર) મળતું નથી. જે મુજબની લેખિત રજૂઆત કરી વધુ એકવાર ગ્રાહકોના હિત બાબતે યોગ્ય પગલાં લેવાની માંગ કરી જણાવાયું છે.

# રાજકોટમાં સામાકાંઠે આંબેડકરનગરમાં યુવતીનો ગળાફાંસો ખાઈ આપઘાત

## ભવનાથ પાર્કમાં યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૮૦ ફૂટ રિંગ રોડ પર નવા થોરાળા પાસેના આંબેડકરનગરમાં રહેતી યુવતીએ તેના ઘેર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા તેના પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવને પગલે થોરાળા પોલીસે તપાસ કરતા મૃતક પાંચ બહેન અને એક ભાઈમા નાની હતી અને તેના મોટા ભાઈના લગ્ન થતા ન હોય તેની ચિંતામાં આ પગલું ભરી લીધાનું બહાર આવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ આંબેડકરનગરમાં રહેતી મોનિકાબેન કરશનભાઈ ભોજાણી (ઉ.૨૩)એ પોતાના ઘેર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા થોરાળા પોલીસે તપાસ કરતા મૃતક ચાર બહેન અને એક ભાઈમાં વચેટ હોવાનું અને તેના મોટા ભાઈના લગ્ન થતા ન હોય તેની ચિંતામાં પગલું ભરી લીધાનું તપાસમાં બહાર આવતા પોલીસે વધુ કાર્યવાહી કરી હતી.જ્યારે બીજા બનાવમાં કોઠારિયા રોડ પર હરિ ઘવા રોડ પરના ભવનાથ પાર્કમાં રહેતા મયૂરભાઇ રસિકભાઈ ખૂંટ (ઉ.૩૬)એ પોતાના ઘેર ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા ભક્તિનગર પોલીસે તપાસ કરતા મૃતક તેના રૂમમાં એકલા હોય પત્નીએ રૂમમાં જતા પંખામાં સાલ બાંધી લટકતો હોવાનું નજરે પડતા તેને દેકારો કરતા પરિવાર તેમજ પાડોશી સહિતના લોકો દોડી આવી યુવકને ઉતારી સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતા જેનું સારવાર મળે તે પહેલાં જ મોત નીપજ્યું હતું. બનાવને પગલે પોલીસે આપઘાતનું કારણ જાણવા મથામણ કરી હતી.

# મંગલપાંડે ટાઉનશીપમાં પાડોશીઓ વચ્ચે મારામારીઃ નવ સામે ફરિયાદ

## બાળકોના ઝઘડામાં બે મહિલા સહિતના ટોળાએ છરી વડે દંપતિ પર હુમલો કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પુષ્કરધામ રોડ પર આવેલી મંગલપાંડે ટાઉનશિપમાં રહેતા દંપતી બાળકો વચ્ચે થયેલા ઝગડનો ખાર રાખી તેની જ વીંગમાં રહેતા બે મહિલા સહિતના ૯ શખ્સોએ છરી વડે હુમલો કરતાં યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરમાં પુષ્કરધામ મેઈન રોડ પર મેંગલપાંડે ટાઉનશિપમાં રહેતા સુનિતાબેન જિતેન્દ્રભાઈ કૂકડે નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં કિરણબેન, રજિયાબેન, મયુરસિહ, મહેન્દ્રસિંહ અને પાંચ અજાણ્યા વ્યક્તિઓનું નામ આપતા હતું કે, પોતે પતિ, પુત્રી ધ્વનિ અને પુત્ર મૂવી જોવા ગયા હતા, અને સાથે ત્યાંથી રાત્રિના ઘરે આવ્યા હતા.અને લીફ્ટમાં પુત્રી ધ્વનિ સાથે ઉપર જતાં હતા. તે સમયે મયુરસિંહની પુત્રી કૂશાંગી સાથે લીફ્ટમાં હતી. તે સમયે કુશાંગીનો હાથ તેની પુત્રીને અડી જતાં ધક્કો લાગ્યો હતો. જેથી સુનિતાબેને કૂશાંગીને સરખું ચાલવાનું કહેતા તેણીએ હું તો આમ જ ચાલીશ તેમ કહી જતી રહી હતી. બાદ કૂશાંગીના માતા- પિતા સહિતના તમામ આરોપીઓ મહિલાના ઘરે ઘસી આવ્યા હતા. અને દંપતી પર છરી વડે હુમલો કરી તેના ઘરમાં તોડફોડ કરી હતી. જેથી આ મામલે યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# કોંગ્રેસ દ્વારા ત્રિકોણ બાગ ખાતે યોજાયો ધરણા કાર્યક્રમ : ૨૫મીએ રાજકોટ બંધનું એલાન

## દરેક વોર્ડમાં ન્યાય માટે લડત અપાશે, પોલીસ કમિશનરને ઘેરાવઃ મુખ્યમંત્રીના બંગલે ધરણા પર બેસવાની જાહેરાતઃ છેલ્લા દિવસે કોંગ્રેસના અગ્રણીઓની ઉપસ્થિતિ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની યાદી મુજબ રાજકોટ ખાતે બનેલા ભયાનક અગ્નિકાંડમાં અનેક નિર્દોષની જીંદગી હોમાઈ ગઈ છે. અગાઉના અગ્નિકાંડ અને ગોઝારી ઘટનાઓમાં પીડિતોને ન્યાય મળેલ ન હોવાથી રાજકોટમાં ટીઆરપી ગેમ્સ ઝોનમાં પીડિત પરિવારોને ન્યાય અપાવવા માટે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ અને રાજકોટ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ માગણીઓ સબબ રાજકોટ ખાતેના ઐતિહાસિક ત્રિકોણબાગ ખાતે તારીખ ૭ ૮ અને ૯ ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવેલ હતો આજરોજ ધરણાના અંતિમ દિવસે પારણા કરી લેવામાં આવતા ન્યાય માટે ની લડત ચાલુ રાખવામાં આવી છે અને બેરી અને મૂંગી સરકાર ની સામે હવે આક્રમક લડાઈ લડવાનો નિર્ધાર કરવામાં આવેલ છે. ધરણના અંતિમ દિવસે સેવા દરમિયાન રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ દેસાઈ



(તસ્વીરઃ આનંદ જાવિયા)

અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષ વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી, પાલભાઈ આંબલીયા દ્વારા ઉપવાસી છાવણીમાં જાહેરાત કરવામાં આવી હતી કે આગામી દિવસોમાં ન્યાયની લડત ચાલુ રાખવામાં આવશે અને દરેક વોર્ડમાં ન્યાયની લડત લઈ જવાશે તારીખ ૧૫ ના પોલીસ કમિશનરને ઘેરાવ તારીખ ૨૫ ના અગ્નિકાંડના મૃતકોની પ્રથમ માસિક પુણ્યતિથિ હોય જે પગલે તા.૨૫ના રાજકોટ બંધનું એલાન આપવામાં આવ્યું હતું.

ધરણાના અંતિમ દિવસે ત્રણ દિવસ ઉપવાસ કરનારા લાલજીભાઈ દેસાઈ જીગ્નેશભાઈ મેવાણી ગાયત્રીબા વાઘેલા મહેશભાઈ રાજપુત અને દીપ્તિબેન સોલંકી ને પીડિત પરિવારોના હસ્તે પારણા કરાવ્યા હતા. ત્રણેક દિવસમાં જુનાગઢ જામનગર, અમદાવાદ સહિતના જિલ્લાઓમાંથી આગેવાનોએ ઉપવાસી છાવણીની મુલાકાત લીધી હતી. અજોડ કરણી સેનાના રાજકોટના પ્રમુખ ક્રિપાલસિંહ ઝાલા, અક્ષીતસિહ જાડેજા, નવલસિંહ જાડેજા, તીર્થરાજ સિંહ ગોહિલ બ્રહ્મસેનાના અધ્યક્ષ દર્શિતભાઈ જાની, રુદ્ર શક્તિ મહિલા મંડળના માયાબા જાડેજા, ભાર્ગવીબા ગોહિલ, વિલાસબા સોઢા ગુજરાત ખેડૂત એસોસિયેશનના પ્રમુખ ભરતસિંહ ઝાલા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

ધરણના અંતિમ દિવસે ઉપવાસી છાવણી ખાતે શાસકોને સદ્બુદ્ધિ આપે અને મૃતકોને શ્રદ્ધાંજલિ આપે તે માટે ધૂન, ભજન, કીર્તન કરવામાં આવેલ હતા. છેલ્લે દિવસે રાજકોટના પ્રબુદ્ધ નાગરિકો, પ્રદેશ કોંગ્રેસના આગેવાનો, શહેર કોંગ્રેસના આગેવાનો, વોર્ડ પ્રમુખો, કાર્યકર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા જેમાં મહેશભાઈ રાજપુત, નરેન્દ્રભાઈ સોલંકી, બ્રિજરાજસિંહ રાણા, હાર્દિપ રાજપુત, રોહિતસિંહ રાજપૂત, એડવોકેટ અશોકસિંહ વાઘેલા, ડી પી મકવાણા, હિતેશભાઈ વોરા, સુરેશભાઈ બથવાર, મયુરસિંહ પરમાર, શૈલેષભાઈ કપુરીયા, દિલીપભાઈ આસવાણી, નાગજીભાઈ વિરાણી, રણજીતભાઈ મુંધવા, દીપુ રવૈયા, હિરલબેન રાઠોડ, મનીષાબા વાળા, નરેશભાઈ પરમાર, નરેશભાઈ સાગઠીયા, જલ્પેશ વાઘેલા, મેઘજીભાઈ રાઠોડ, રાજુભાઈ ચાવડીયા, ગીરીશભાઈ પટેલ, ગજેન્દ્રસિંહ ઝાલા સહિતના રાજકીય સામાજિક આગેવાનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# ગંજીવાડાના યુવાનનું અપહરણ કરી નવાગામની ઓફિસમાં ત્રણ શખ્સોએ ધોકાવ્યો

## ટ્રાન્સપોર્ટના ધંધાના મનદુઃખ બાબતે સમાધાન કર્યા બાદ ત્રણ શખ્સો કુવાડવા રોડ પરથી કારમાં ઉઠાવી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુવાડવા રોડ નજીકથી ધંધાકીય મનદુખ બાબતે સમાધાન કરી પરત ફરતા ટ્રાન્સપોર્ટર યુવકનું સ્કોર્પિયો કારમાં ઘસી આવેલ ત્રણ શખ્સો અપહરણ કરી તેને નવાગામ સ્થિત આરોપીની ઓફિસમાં લઇ જઈ ધોકા-પાઈપ વડે બેફામ મારવામાં આવ્યો હતો. પોલીસે યુવકનું નિવેદન નોંધી ત્રણેય શખ્સો વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડની તજવીજ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ શહેરના ગંજીવાડા વિસ્તારમાં રહેતા મંગેશ જેરામભાઈ વાળા (ઉ.વ.૩૫)એ કુવાડવા પોલીસ મથકમાં આરોપી તરીકે ઋષિરાજસિહ જાડેજા, યોગી, સરમણ તેમજ મુના નામના શખ્સનું નામ આપી ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તેઓ ટ્રાન્સપોર્ટ નો ધંધો કરે છે. તેમજ આરોપી ઋષિરાજ પણ આજ ધંધા સાથે સંકળાયેલા હોય જેથી બને વચ્ચે ધંધાકીય બાબતે મનદુખ ચાલતું હોય જેનું સમાધાન કરવા માટે મંગેશ તેના મિત્ર અમન ખટાણા અને વિક્રમ ડાંગર સાથે નવાગામ સ્થિત આવેલી આરોપી ઋષિરાજની ઓફિસે ગયેલા હતો.

સમાધાન બાબતે વાતચીત બાદ યુવક અને તેના મિત્રો ઓફિસમાંથી બહાર નીકળતા હતા ત્યારે ઋષિરાજનો મિત્ર સરમણ મેર આવીને યુવકને બેફામ ગાળો ભાંડવા લાગેલ જેથી યુવક ત્યાંથી રીક્ષામાં બેસીને ઘરે જવા નીકળી ગયેલ.રીક્ષા કુવાડવા રોડ નજીક આવેલા ઓડીના શોરૂમ નજીક પહોંચી હતી ત્યારે આરોપી ઋષિરાજ, યોગી, મુનો સ્કોર્પિયો કારમાં રિક્ષાને આંતરી યુવકને બળજબરી પૂર્વક કારમાં બેસાડી નવાગામ સ્થિત ઓફિસે લઈ ગયા હતા અને ત્યાં તેને ધોકા તેમજ લોખંડના પાઈપ વડે માર મારવામાં આવ્યો હતો. જે બાદ યુવક આરોપીઓને ચકમો આપી ત્યાંથી નાશી જઈ સોખડા ચોકડીએ પહોંચી ૧૦૮ તેમજ પોલીસને જાણ કરી હતી. ૧૦૮ના સ્ટાફ દ્વારા તાકીદે યુવકને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. બનાવ બાદ કુવાડવા પોલીસે યુવકનું નિવેદન નોંધી અપહરણ, મારામારી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરવા ચક્રો ગતીમાન કર્યા છે.

# દેશમાં ત્રીજીવાર મોદી સરકાર સત્તારૂઢ થતાં જામનગર શહેર ભાજપ દ્વારા ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર ભાજપ દ્વારા ઉજવણી નરેન્દ્રભાઇ મોદીજી ના નેતૃત્વમાં એન. ડી. એ ત્રીજીવાર કેન્દ્ર માં સરકારની સપથ લેઇ સરકાર રચાઈ, આ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા આ ઐતિહાસિક ઘટના ને નિહાળવા, હોદેદારો, કોર્પોરેટર, કાર્યકર્તાઓ શહેર ભાજપ કાર્યાલય જામનગર ખાતે એકઠા થયા હતા. આ ઐતિહાસિક પ્રસંગે સૌ એ એકબીજા ના મો મીઠા કરાવી, ફટાકડા ફોડી એન.ડી. એ ની હેટ્રીક ને વધાવેલ.



વિશેષની ભારતીય જનતા પાર્ટી શહેર અધ્યક્ષ ડો. વિમલભાઈ કગથરા, ધારાસભ્ય દિવ્યેશ અકબરી, મેઘજીભાઈ ચાવડા, પૂર્વ પ્રદેશ અધ્યક્ષ આર.સી.ફળદુ, ૧૨, લોકસભા ના સંયોજક ડો વિનોદભાઈ ભંડેરી દિલ્હી ખાતે શપથવિધિ સમારોહ માં ઉપસ્થિત રહ્યા હતા. જામનગર શહેર ભાજપ કાર્યાલય માં ઉત્સાહનો માહોલ હતો, નવા મંત્રીમંડળ તથા ત્રીજીવાર કેન્દ્રમાં એન.ડી. એ ની સરકાર રચાઈ, તેને આવકારવામાં આવેલ.

આ તબક્કે શહેર મહામંત્રી પ્રકાશ બાંભણિયા, વિજયસિંહ જેઠવા, મેયર, વિનોદ ખીમસુરિયા, ડે મેયર ક્રિષ્નાબેન સોઢા, શિક્ષણ સમિતિના ચેરમેન મનીષ કનખરા, પૂર્વ ધારાસભ્ય લાલજીભાઈ સોલંકી, પૂર્વ અધ્યક્ષ હસમુખભાઇ હિંડોચા, સહિત શિક્ષણ સમિતિના સભ્યો, કોર્પોરેટરઓ, મોરચા ના પ્રમુખો, વોર્ડ પ્રમુખ, સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જેતપુરમાં ધોળા દિવસે સાડીના વેપારીના ઘરમાંથી રૂ.૫૪ હજારની ચોરી

## મહિલા તસ્કર સીસીટીવી કેમેરામાં કેદઃ પોલીસે તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરમાં ધોળા દિવસે ઘરફોડ ચોરીની ઘટના સામે આવી છે. સાડીના વેપારીના ઘરેથી સોનાના દાગીના કિંમત રૂ.૫૪ હજાર મહિલા તસ્કરે લઈ નાસી છૂટી હતી. પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ ના આધારે તપાસ હાથ ધરી છે.

મળતી વિગતો મુજબ, જેતપુરમાં વાઘવાણી હોસ્પિટલ સામે આવેલી કણકીયા પ્લોટમાં રહેતા વેપારી તારમહમદ યાકુબભાઈ મોતીવાલાએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, ગત તારીખ ૩૦/૫ ના બપોરે ૨ વાગ્યે તેઓ પોતાની સોની બજાર સ્થિત દુકાનેથી ઘરે જમવા આવ્યા હતા. અને ૪૦૦ વાગ્યે જમીને ઘરનો મુખ્ય દરવાજે બંધ કરીને પાછા દુકાને જવા નીકળી ગયા હતા. જે બાદ સાંજના સમયે તેમના પત્નીએ તેઓને ફોન કરીને કહ્યું હતુ કે, તેમના બાળકોના રૂમમાં રાખેલ કબાટના દરવાજા ખુલ્લા છે અને સમાન વેરવિખેર પડેલા છે. વેપારી ઘરે આવીને તપાસ કરતા બાળકોના રૂમમાં કબાટમાં રાખેલા સોનાના રૂ.૫૪ હજારની કિંમતના દાગીના જોવા મળ્યા ન હતા જે બાદ વેપારીએ પોતાના ઘરની આસપાસના સીસીટીવી ફૂટેજ ચેક કરતા જેમાં કોઈ અજાણી મહિલા તેના ઘરમાં ઘૂસી હોવાનું જાણવા મળ્યું. જે અંગે જેતપુર પોલીસે અજાણી મહિલા સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શહેરમાં અસહ્ય ગરમી વચ્ચે વધુ ત્રણ વ્યક્તિઓના હૃદયના ધબકારા ચુકી ગયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યભરમાં કાળજા ગરમી પડી રહી છે ત્યારે હૃદય રોગના હુમલાની ઘટનાઓમાં પણ વધારો થયો છે. રાજકોટમાં વધુ ત્રણ વ્યક્તિના હાર્ટ બેસી ગયા હોવાની ઘટના સામે આવી છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ વિંછીયા તાલુકાના સનાળી ગામના વતની અને હાલ રાજકોટ સેન્ટ્રલ જેલમાં ગાંજાના ગુનામાં સજા કાપતા જયંતીભાઈ રાયસંગભાઈ વનાણીયા નામનો ૪૩ વર્ષનો કાચા કામનો કેદી પોતાની બેરેકમાં હતો ત્યારે હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડ્યો હતો કેદીને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે જોઈ તપાસી મૃત જાહેર કરતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં મૃતક જેન્તીભાઈ વનાણીયા ત્રણ ભાઈમાં નાના હતા અને તેમને સંતાનમાં બે પુત્ર અને બે પુત્રી છે જેન્તીભાઈ વનાણીયા વર્ષ ૨૦૨૨માં ગાંજાના જથ્થા સાથે ઝડપાતા રાજકોટ સેન્ટ્રલ જેલ હવાલે કરાયા હતા.

બીજા બનાવમાં રાજકોટ બારવણ ગામે રહેતા ગાંડુભાઈ શામજીભાઈ સાકરીયા (ઉ.વ.૪૦) પોતાના ઘરે સુતા હતા. ત્યારે મધરાત્રિના બેભાન હાલતમાં ઢળી પડ્યા હતા. યુવાનને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તપાસી યુવકનું હૃદયરોગના હુમલાથી મોત નીપજયુ હોવાનું જાહેર કરતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી હતી. પ્રાથમિક પૂછતાછમાં મૃતક યુવાન પાંચ ભાઈ બે બહેનમાં નાનો હતો. અને તેમને સંતાનમાં એક પુત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઉપરાંત ત્રીજા બનાવમાં રાજકોટમાં સદર બજાર વિસ્તારમાં આવેલા ભીલવાસમાં રહેતી નફીશાબેન ઈનાયતભાઈ મકવાણા નામની ૪૨ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે સવારના નવેક વાગ્યાના અરસામાં હૃદયરોગનો હુમલો આવતા બેભાન હાલતમાં ઢળી પડી હતી પરિણીતાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં તેણીની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નીપજતા પરિવારમાં માતમ છવાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં મૃતક પરિણીતાને સંતાનમાં એક પુત્ર હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર નજીક બેડ ગામમાં મહિલાના રહેણાંક મકાનમાં ચાલતું જુગારધામ પકડાયુંઃ મહિલા સહિત પાંચ જુગારીઓ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના બેડ ગામમાં રહેતી એક મહિલાના રહેણાંક મકાનમાં ચાલતા જુગાર ધામ પર એલસીબી ત્રાટકી હતી, અને ગંજીપાના વડે જુગાર રમી રહેલી એક મહિલા અને પુરુષો સહિત પાંચ જુગારીઓની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે.આ દરોડાની વિગત એવી છે કે જામનગર તાલુકાના બેડ ગામમાં રહેતી દિવ્યાબેન મહેશભાઈ કાથરાણી નામની મહિલા દ્વારા પોતાના રહેણાંક મકાનમાં જુગારધામ ચલાવવામાં આવી રહ્યું હોવાની બાતમીના આધારે



એલસીબીની ટીમે ગઈકાલે મોડી રાત્રે દરોડો પાડયો હતો. તે દરોડા દરમિયાન એક મહિલા અને ચાર પુરુષો ગંજીપાના વડે જુગાર રમી રહેલા મળી આવ્યા હતા.જેથી મહિલા આરોપી દિવ્યાબેન કાથરાણીને પોલીસે નોટિસ આપી છે, જ્યારે અન્ય ચાર આરોપીઓ ઉમંગ પ્રવીણભાઈ પરમાર (ભાણવડ), હિરેન અશ્વિનભાઈ પરમાર (ભાણવડ), પરસોત્તમભાઈ દેવજીભાઈ ધારવીયા (આમરા) ગામ વગેરેની અટકાયત કરીને તેઓ પાસેથી રૂપિયા એક લાખ પંદર હજારની રોકડ રકમ મોબાઈલ ફોન અને બાઈક સહિત ૧,૭૦,૫૦૦ ની માલમત્તા કબજે કરી છે.

# રાજકોટના આંગણે તથાસ્તુ આર્ટ ગેલેરીનો ભવ્ય શુભારંભ

## વિવિધ પ્રકારની કોર્પોરેટ ગીફટ આઈટમો, એવોર્ડ, ટ્રોફી, શિલ્ડની અવનવી વેરાયટીનો ખજાનો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છમાં પ્રથમ વાર રાજકોટ ખાતે વનસ્ટોપ સોલ્યુશન નવુ સોપાન તથાસ્તુ આર્ટનો આજ રોજ ભવ્ય શુભારંભ પ્રભુજી શ્રીમાન ચંદ્ર ગોવિંદદાસ (ઈસ્કોન મંદિર-સુરત), પૂ. અશ્વિનદાસજી (અનુપમ મિશન મોગરી), પરમ પૂ. કોઠારી સ્વામી શ્રી વિવેકસાગર સ્વામીજી (કષ્ટભંજનદેવ મંદીર-સાળંગપુર) ના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.




(તસ્વીરઃ આનંદ જાવિયા)

ગેમ ઝોન દુર્ઘટનામાં ૧૫ લોકોના જીવ બચાવનાર વિદ્યાર્થી દક્ષ કુંજડીયાને અપાયો શૌર્ય એવોર્ડ

આ તકે ગેમઝોન દુર્ઘટનામાં ૧૫ લોકોના જીવ બચાવનાર વિદ્યાર્થી પદક્ષ કુંજડીયાનેથ શૌર્ય એવોર્ડ આપીને સન્માનીત કરાયા હતા તેમના આ બહાદુરી ભર્યા કાર્યની સરાહનીય પ્રશંશાનું અંગુલી નિંદેશ કાર્ય કરાતા સમગ્ર રાજકોટવાસીઓમાં સરાહના કરવામાં આવી હતી.

ઉદઘાટીત તથાસ્તુ આર્ટમાં વિવિધ પ્રકારની કોર્પોરેટ ગીફ્ટ આઈટમો, સામાજીક શૈક્ષણિક કોર્પોરેટ એવોર્ડ, ટ્રોફી, શિલ્ડ ની અવનવી અદ્યતન ટેકનોલોજી સભર આઈટમો ઉપલબ્ધ હશે. ઉપરાંત પર્સનાલાઈઝ આર્ટની વિવિધ કૃતીઓ પણ મળી શકશે. તેથી હવે નગર જનોને વિશાળ પસંદગીની તકો મળશે.

તથાસ્તુ આર્ટના આ નવા સોપાના વિપુલભાઈ પાનેલીયા, અનિલભાઈ અગોલા, વિવેકભાઈ રાવલ, જયેશભાઈ રાણીપા અને દેવાભાઈ ગરચર સહભાગી બન્યા છે.

આજના આ શુભ-પ્રારંભે બહોળી સંખ્યામાં આર્શિવાદ માટે પૂ. સંતો, સામાજીક-શૈક્ષણિક અગ્રણીઓ, અને કોર્પોરેટ ક્ષેત્રના મહાનુભાવો એ હાજરી આપેલ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજકોટ અને સૌરાષ્ટ્રનું પ્રથમ વનસ્ટોપ સોલ્યુસન થતા સામાજીક શૈક્ષણિક સંસ્થા, એસોશિયેશન, એન.જી.ઓ વગેરેને ઘણો ફાયદો થશે તેમ તથાસ્તુ આર્ટના ભાગીદારોએ જણાવ્યુ હતુ.

# એલન રાજકોટની વિદ્યાર્થીની દ્વિજા પટેલે ઓલ ઈન્ડિયામાં ૭મો રેન્ક મેળવી ટોપર ગર્લ બની

## એલન રાજકોટના વિદ્યાર્થિઓ દ્વારા સતત પાંચમાં વર્ષે રેન્ક જાળવી રખાયોઃ આઈઆઈટીમાં એડમિશન માટે સર્વોચ્ચ પસંદગીઃ પોતાનું વર્ચસ્વ અને શ્રેષ્ઠતા જાળવી રાખી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

IIT મદ્રાસએ ૦૯ જુન ૨૦૨૪ના રોજ દેશની સૌથી મોટી એન્જિનિયરિંગ પ્રવેશ પરીક્ષા જેઇઇ એડવાન્સ્ડ ૨૦૨૪નું પરિણામ જાહેર કર્યું છે. જેઇઇ એડવાન્સ્ડ ૨૦૨૪ ની પરીક્ષામાં એલન રાજકોટએ સતત ૫મા વર્ષે, સર્વોચ્ચ તથા અદ્વિતીય ઓલ ઈન્ડિયા રેન્ક અને IITમાં એડમિશન માટે સર્વોચ્ચ પસંદગી આપીને પોતાનું વર્ચસ્વ અને શ્રેષ્ઠતા જાળવી રાખી છે.

એલન રાજકોટ સેન્ટર હેડ અમૃતાશ મુખર્જીએ જણાવ્યું હતું કે એલન રાજકોટની વિદ્યાર્થીની દ્વિજા પટેલએ ઓલ ઈન્ડિયા રેન્ક ૭ મેળવીને ઓલ ઈન્ડિયા ગર્લ ટોપર અને ગુજરાત ટોપર બની જ્યારે એલન રાજકોટના અન્ય ૩ વિદ્યાર્થીઓ અક્ષર ઝાલાએ ઓલ ઈન્ડિયા રેન્ક ૩૮, અવધ હિંડોચાએ ઓલ ઈન્ડિયા રેન્ક ૪૯ અને હર્ષલ કાનાણીએ ઓલ ઈન્ડિયા રેન્ક ૮૧ મેળવી છે. સૌરાષ્ટ્રમાં પ્રથમ વખત એક જ શૈક્ષણિક સંસ્થાના ૪ વિદ્યાર્થીઓએ ટોપ ૧૦૦ ઓલ ઈન્ડિયા રેન્કમાં સ્થાન મેળવીને નવો રેકોર્ડ સર્જ્યો છે.

એલન રાજકોટના વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા આ પરિણામો સૌરાષ્ટ્રના ઈતિહાસમાં સૌથી સર્વોચ્ચ છે અને તેથી સમગ્ર સૌરાષ્ટ્ર માટે આ અત્યંત ગર્વની વાત છે. એલન રાજકોટ જેઇઇ એડવાન્સ્ડ પરીક્ષામાં ભવ્ય સફળતા મેળવવા માટે તમામ સુવિધા, વ્યક્તિગત સંભાળ અને સ્પર્ધાત્મક વાતાવરણ પૂરું પાડે છે

વિદ્યાર્થીનું નામઃ દ્વિજા પટેલ

સંસ્થાઃ એલન રાજકોટ

જેઇઇ એડવાન્સ્ડ ૨૦૨૪ : ઓલ ઈન્ડિયા રેન્ક ૭ (ઓલ ઈન્ડિયા ગર્લ ટોપર




(તસ્વીરઃ આનંદ જાવિયા)

અને ગુજરાત ટોપર)

૧૨મા GSEB - ૯૯.૯૪ પર્સેન્ટાઇલ

પિતાનું નામઃ ધર્મેશકુમાર પટેલ (શિક્ષક)

માતાનું નામઃ કિરણ પટેલ (ગૃહિણી)

જન્મ તારીખઃ ૧૯/૦૫/૨૦૦૬

જેઇઇ એડવાન્સ્ડ પરીક્ષાની તૈયારી માટે દ્વિજા પટેલ છેલ્લા ૨ વર્ષથી એલન રાજકોટમાં અભ્યાસ કરે છે. તે એક તેજસ્વી વિદ્યાર્થીની છે જે હંમેશા અભ્યાસ પ્રત્યે સમર્પિત રહે છે અને જે ક્યારેય તેના કામમાં વિલંબ કરતી નથી. તે મહત્તમ પુનરાવર્તન કરવામાં અને ખઈચ આધારિત પ્રશ્નોની મહત્તમ પ્રેક્ટિસ કરવામાં માને છે. દ્વિજા કહે છે કે તેણે સમયસર તમામ પ્રશ્નોના નિરાકરણ કરી અને એલન રાજકોટના ફેકલ્ટી દ્વારા આપવામાં આવેલ તમામ હોમવર્ક સમયસર કર્યું અને તેનો પ્રિય વિષય ગણિત છે અને આંતરરાષ્ટ્રીય ગણિત ઓલિમ્પિયાડ IMOTC ૨૦૨૩ માં પણ તેની પસંદગી થઇ હતી અને ૧૨મા GSEB બોર્ડમાં તેણે ૯૯.૯૪ પર્સેન્ટાઇલ સ્કોર કર્યો છે. દ્વિજા તેના શ્રેષ્ઠ મિત્રો અને પરિવારના સભ્યો સાથે વાત કરવાનું અને મનોરંજન માટે ક્યારેક મૂવી જોવાનું પસંદ કરે છે. તેનું હવે પછી નું લક્ષ્ય IIT મુંબઈમાંથી કમ્પ્યુટર સાયન્સમાં B.Tech કરવાનું છે. તેણે કહ્યું કે એલનનું સ્ટડી મટિરિયલ, ટેસ્ટિંગ સિસ્ટમ ખૂબ જ ઉત્કૃષ્ટ અને પરિણામલક્ષી છે અને દરેક ટેસ્ટના ડિજિટલ પૃથ્થકરણથી મને મારા અભ્યાસનું આયોજન કરવામાં ઘણી મદદ મળી છે. દ્વિજા તેની સફળતા તેના પ્રિય પરિવારના સભ્યો અને એલનના તમામ શિક્ષકોને સમર્પિત કરે છે.

શિસ્તબદ્ધ અભ્યાસ, વધુ પુનરાવર્તન અને પ્રેક્ટિસ તમને JEE એડવાન્સ્ડ માં સફળતા મેળવવામાં મદદ કરે છે

વિદ્યાર્થીનું નામઃ અક્ષર ઝાલા

જેઇઇ એડવાન્સ્ડ ૨૦૨૪: ઓલ ઈન્ડિયા રેન્ક ૩૮

૧૨મા CBSE - ૯૮.૪%

પિતાનું નામઃ શ્રી હિમાંશુ ઝાલા (મેનેજર - પ્રા. સેક્ટર)

માતાનું નામઃ શ્રીમતી હેતલ ઝાલા (ડોક્ટર)

જન્મ તારીખઃ ૨૫/૦૮/૨૦૦૫

અક્ષર એલન રાજકોટનો ૬ વર્ષનો વર્ગખંડનો વિદ્યાર્થી છે. તે માને છે કે નિયમિત શિસ્તબદ્ધ અભ્યાસથી તેને પરીક્ષામાં સારો સ્કોર કરવામાં મદદ મળી છે. તેણે યોગ્ય સમયપત્રકનું પાલન કર્યું છે અને તમામ વિષયોને સમાન સમય આપ્યો છે. ઉપરાંત, એલેન રાજકોટના ફેકલ્ટીઓએ મને સમયસર આખો અભ્યાસક્રમ પૂરો કરાવ્યો, જેના કારણે મને રીવીઝન અને પ્રેક્ટિસ કરવા માટે પૂરતો સમય મળ્યો.

નિયમિત ડાઉટ કાઉન્ટર્સ, અભ્યાસ સામગ્રી પણ મને ખૂબજ મદદરૂપ થઈ છે. એલન રાજકોટ દ્વારા આયોજિત કોમ્પ્યુટર આધારિત પ્રેક્ટિસ (CBT) ટેસ્ટ આપવાથી મને વાસ્તવિક પરીક્ષા માટે પ્રેક્ટિસ અને સારી રીતે મૂલ્યાંકન કરવાની તક મળી. તેણે પોતાની સફળતાનો શ્રેય તેના પરિવાર અને તમામ ફેકલ્ટી તથા સમગ્ર એલન શૈક્ષણિક પ્રણાલીને આપ્યો છે.

૧૨મા CBSE બોર્ડમાં તેણે ૯૮.૪% સ્કોર કર્યો અને INMO, INPHO, INAO, INCHO જેવા વિવિધ પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિયાડ્સમાં પસંદગી થયી હતી અને તેને આંતરરાષ્ટ્રીય સ્તરે ઈવયતત સ્પર્ધા માં ભાગ લીધેલ હતો. તે IIT મુંબઈમાં CSE બ્રાન્ચમાં એડમિશન મેળવવા ઈચ્છે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# ઉત્તરાખંડમાં યાત્રા પેકેજના નામે રૂા.૬.૬૬ લાખની ઠગાઈ કરનાર શખ્સ યુપીથી ઝડપાયો

## ચારધામ યાત્રાના નામે યાત્રાળુઓ પાસેથી ૬.૬૬ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી ઠગાઈ કર્યાની સાયબર ક્રાઈમ ફરિયાદ નોંધાઈ'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ઉત્તરાખંડ રાજ્ય ખાતે ચારધામ યાત્રાના પેકેજના નામે ઓનલાઈન રૂ. ૬,૬૬,૯૯૯ પડાવી લઈ ફ્રોડ થયાની ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસે આરોપી પ્રવીણકુમાર રામકુમાર શર્માને ઉત્તરપ્રદેશનાં મુઝફ્ફરનગર ખાતેથી ઝડપી પાડયો હતો.

આ અંગેની માહિતી મુજબ આરોપી પ્રવીણકુમારે અતિથી ટ્રીપ હોલીડેઝ નામની ટુર્સ કંપનીનાં નામે ઓનલાઈન ખોટી જાહેરાત મૂકી હતી. ફરિયાદીને ચારધામ યાત્રા આપવાનું જણાવી વિશ્વાસમાં લઈ કુલ રૂ. ૬,૬૬,૯૯૯ પડાવી લઈ ફરિયાદીને કોઈ ટુર્સ પેકેજ આપ્યું નહોતું. સમગ્ર મામલે પોતાની સાથે ઓનલાઈન છેતરપિંડી થઈ હોવાનું સામે આવતા ભોગ બનનારે સાયબર ક્રાઈમ પોલીસમાં આ અંગેની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પોલીસે બેંક એકાઉન્ટનાં આધારે તપાસ હાથ ધરી હતી. સાયબર ક્રાઈમ પોલીસે આરોપીનાં બેંક ખાતાની વિગત તથા મોબાઈલ નંબરનાં એસ.ડી.આરની વિગત મંગાવતા ખાતાધારક નું નામ પ્રવિણકુમાર રામકુમાર શર્મા હોવાનું સામે આવ્યું હતું. તેમજ સરનામું હરીદ્વાર ઉત્તરાખંડનું હતું. જોકે, પ્રવીણકુમાર શર્માએ પોતાનો મોબાઈલ બંધ કરી દીધો હતો. જેને પગલે ટેકનિકલ એનાલીસીસ કરી આરોપીનો હાલનો નવો ચાલુ નંબર મેળવી નવું સરનામુ મેળવ્યું હતું.

આરોપીને ઉત્તર પ્રદેશનાં મુઝફ્ફરનગર ખાતેથી શોધી કાઢી અટકાયત કરી છે.

# નવાગામના ગોડાઉનમાંથી રૂ.૧૦.૩૨ લાખના ૩૫ એસીની ચોરી કરનાર તસ્કર ઝબ્બે

## ગ્રીનલેન્ડ ચોકડી પાસે બાંધકામની સાઈડ પરથી રૂ.૨.૮૯ લાખના કેબલની ચોરી કરનાર ગેંગ ઝડપાઈ : તમામ મુદ્દામાલ કબજે









**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા નવાગામના ગોડાઉનમાંથી રૂ.૧૦.૩૨ લાખની કિંમતના ૩૫ એસીની ચોરી કરનાર તસ્કરને ક્રાઈમ બ્રાંચની ટીમે દબોચી લઈ તમામ મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ યુનિવર્સિટી રોડ પર રાધાપાર્કમાં રહેતા લોહાણા વેપારી દિપભાઈ હિતેષભાઈ સવજીણીયા એ બી ડિવિઝન પોલીસમાં રાજલક્ષ્મી સોસાયટીમાં આવેલ સાંનિધ્ય-૫ એપાર્ટમેન્ટમાં રહેતો ભાવેશ દેવા ઠાકર વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, નવાગામ ખાતે બંસી હોટલની બાજુમાં ન્યારા પેટ્રોલ પંપની સામે આવેલ તેના મિત્રના ગોડાઉનમાં તેનો ડ્રાઈવર ૩૫ એસી જેની કિંમત રૂ.૧૦.૩૨ લાખ થતી હોઈ આ શખ્સ આ ૩૫ એસી ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા પીએસઆઈ કે.ડી.મારૂએ પારશ ઠાકર વિરુધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચોરીના બનાવ બાદ કુવાડવા રોડ વિસ્તારમાં ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમ.આર.ગોડલિયાની સુચનાથી પીએસઆઈ એ.એમ.પરમારના માર્ગદર્શન હેઠળ એએસઆઈ જલદીપસિંહ, હેડ કોન્સ્ટેબલ કૃષ્ણદેવસિંહ તથા પ્રદિપસિંહ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે મોરબી રોડ ફાટક પાસે સાંનિધ્ય એપાર્ટમેન્ટમાં ભાડાના મકાનમાં રહેતો અને મૂળ અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલ અંબિકાનગર સોસાયટીનો પારેશ દેવજી ઠાકોર નામના શખ્સને દબોચી લઈ તેની પાસેથી ૩૫ એસી કિંમત રૂ.૧૦.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જ્યારે અન્ય એક બનાવમાં બી ડિવિઝન પોલીસ મથકના ઈન્ચાર્જ પીઆઈ કે.જે.કરપડાની સુચનાથી પીએસઆઈ કે.ડી.મારુ, હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ, લાલજીભાઈ, જયદિપસિંહ સહિતનો સ્ટાફ ગ્રીન ચોકડી વિસ્તારમાં પેટ્રોલિંગ હતા ત્યારે અગાઉ ગ્રીનલેન્ડ ચોકડી પાસે સેવન સ્ક્વેર નામની બિલ્ડિંગનું વાયરીંગ કામ ચાલુ હોય તે દરમિયાન કોઈ અજાણ્યા શખ્સો રૂ.૨.૮૯ લાખની કિંમતના વાયરના બંડલ ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ હોય જે તસ્કરો ચોરાઉ મુદ્દામાલ વેચવા રિક્ષામાં નિકળ્યા હોવાની હકીકત મળતા પોલીસે કુબલિયાપરાનો અજય ઉર્ફે કાળિયો રાયધન સોલંકી, શિવાજીનગરનો સાગર અમૃત વઢિયારા, કુબલિયાપરાની સોનલ રાયધન સોલંકી, લક્ષ્મી વિજય સોલંકી, સંગીતા રાજુ કોસ્ટી, પુજા ઉદલ પરમાર સહિત છ શખ્સોને દબોચી લઈ રિક્ષા સહિત કુલ રૂ.૨.૮૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# રાજકોટમાં વિધિના બહાને પરિણીતા પર દુષ્કર્મ કરનાર ગુરૂજી કોડીનારથી ઝડપાયો

## મકાનમાં ૪૫ કિલો સોનું હોવાના બહાને રૂપિયા પડાવ્યાઃ નણંદ તેમજ પરિણીતા પાસેથી વિધિ કરવાના બહાને રૂ.૧.૧૬ લાખ પડાવ્યા'તા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૨૧મી સદીમાં પણ અંધશ્રધ્ધાનો ભોગ બની રહ્યા હોવાના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવતા હોય છે.ત્યારે વધુ એક અંધશ્રધ્ધાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.કોઠારીયા વિસ્તારમાં રહેતા સેલ્સમેનની પત્ની અને નણંદને રાજસ્થાનના ગુરૂજી નામના તાંત્રિકે ઘરમાં ૪૫ કીલો સોનું કાઢી આપવાના બહાને પરીણીતા સાથે દુષ્કર્મનું કૃત્ય આચરી રૂ.૩૬ હજારની રોકડ પડાવી લઈ ફરાર થઈ ગયેલા ગુરૂજીને પોલીસે કોડીનારથી ઝડપી ત્રણ મોબાઈલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

આ બનાવ અંગે પોલીસે હાથ ધરેલ તપાસમાં ફરીયાદી પરીણીતાના સાસુ બે માસ પુર્વે માંગરોળ રહેતા સંબધીના ઘરે ગયા હતા.ત્યારે સંબધીએ તેના ઘરે રાજસ્થાનના એક ગુરુજી આવ્યા હોવાનું જણાવ્યું હતું. બાદમાં ગુરૂજી નામનો શખ્સ રાજકોટ આવ્યો હોવાની ફરીયાદી પરીણીતાના સાસુને જાણ થતાં ઘરે બોલાવ્યા હતા. ગુરૂજીએ તેમના ઘરમાં આંટો મારી ઘરમાં ૪૫ કિલો સોનું દાટેલું હોય વિધિ કરવાની વાત કરી હતી.બાદમાં લીંબુ ઉતારી કચરાપેટીમાં ફેકાવ્યા હતા.અને પરીણીતા પાસેથી રૂ.૩૬ હજારની રકમ લઈ લીધેલ હતી. તેમજ પરીણીતાની નણંદને પણ ગુરૂજીએ રૂ.૧૫ કરોડનું સોનું અપાવવાની વાત કરી રૂ.૮૦ હજારની રકમ પડાવી લીધી હતી. બાદમાં ગુરૂજી ઘરે આવ્યો હતો.અને વિધી કરવાના બહાને પરિણીતાને રૂમમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યું હતું તેમજ ઘરમાં એક જગ્યાએ ખાડો ખોદાવી તેમાં ચુંદડી,શ્રીફળ, કાળા દોરા,લીંબુ સહીતની વસ્તુઓ દટાવી જતો રહ્યો હતો.બીજા દિવસે સવારે ફોન કરી પરિણીતાના પતિને આ ખાડો બુરી દેવાનું જણાવી મોબાઈલ બંધ કરી ફરાર થયો હતો.બાદમાં પરિણીતા સહીત પરિવારને હકીકતની જાણ થતાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમ્યાન મુળ બિહારના અને હાલ રાજસ્થાનના જયપુર ખાતે રહેતા ભુષણપ્રસાદ રાજદેવપ્રસાદ સૈની નામના પ્રૌઢની કોડીનાર ખાતેથી ઝડપી લઈ ભકિતનગર પોલીસે વધુ તપાસ અર્થે ગુરૂજીને રીમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે.

# મેટોડામાં હાઈ પ્રોફાઈલ જુગાર કલબમાં દરોડોઃ મહિલા સહિત ૧૧ શખ્સોની ધરપકડ

## ટોકન આપી જુગાર રમાડતા હોવાનું ખુલ્યુંઃ ૧૯૨ ટોકન પોલીસે જપ્ત કર્યાઃ મેટોડા પોલીસે દરોડો પાડી રોકડ, કાર, મોબાઈલ મળી રૂ.૧૫.૫૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખીરસરા ગામે આવેલા ઈન્ટિમેટ વિલામા ચાલતી હાઈ પ્રોફાઈલ જુગાર ક્લબ પર મેટોડા પોલીસે દરોડો પાડયો હતો અને આ ક્લબમાંથી પાંચ મહિલા સહિત ૧૧ ની ધરપકડ કરી રોકડ, કાર અને મોબાઈલ મળી રૂ.૧૫.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ મેટોડા પોલીસ સ્ટેશન નો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો તે સમયે બાતમી મળી હતી કે, ખીરસરા ગામે આવેલા ઈન્ટિમેટ વિલામા જુગારની ક્લબ ચાલી રહી છે. જેથી ટીમ દ્વારા ઈન્ટિમેટ વિલામા દરોડો પાડવામાં આવ્યો હતો અને ૨૫૨૫ નંબરના વિલામાંથી જુગાર રમતા વિલાના માલિક સાવન ભરતભાઈ લાલ, વિજય મુકેશભાઈ રાણપરા, પ્રતિક પ્રદિપભાઈ પટેલ, જય કેતનભાઈ રાજદેવ, હિમાંકું અશ્વીનભાઈ આડેસરા, કૌશિક રમેશભાઈ ચૌહાણ, પ્રિયા વિજયભાઈ રાણપરા, ખુશ્બુ પ્રતિકભાઈ પટેલ, ભાવિસા હિમાશુભાઈ આડેસરા, થયા અશોકભાઈ ચૌહાણ અને ભાવના ચેતનભાઈ રાજાણી (રહે તમામ, રાજકોટ)ને પકડી પાડ્યા હતા અને મેટોડા પોલીસે રોકડ રૂ.૧.૨૦ લાખ, ત્રણ કાર અને ૯ મોબાઈલ મળી રૂ.૧૫.૫૬ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જ્યારે આ મામલે મેટોડા પોલીસે તપાસ કરી તો ત્યાંથી તેમને ૧૯૨ ટોકન પણ મળી આવ્યા હતા. જેમાં જુગારીઓને ટોકન દ્વારા પણ રમત રમાડવામાં આવતી હોવાનું ખુલ્યું હતું. જેથી પોલીસે તમામની અટકાયત કરી ધોરણસર ની કાર્યવાહી હાથ ધરી છે.

# સાયબર ક્રાઈમની ટીમે અરજદારોએ ગુમાવેલા રૂા.૧૦ લાખથી વધુની રકમ પરત અપાવી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા સાહેબ ઝોન-૨ તથા ઇ.મદદનીશ પોલીસ કમિશ્નર દક્ષીણ વિભાગ વી.જી.પટેલનાઓએ સાયબર ક્રાઈમ દ્વારા જે અરજદારશ્રીઓએ સાયબર ફ્રોડ થી રૂપીયા ગુમાવેલ હોય તે પરત અપાવવા સુચના કરેલ હોય જેથી -એ- ડીવીજન પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. આર જી બારોટના માર્ગદર્શન હેઠળ એ ડીવીઝન પોલીસ સ્ટેશન સાયબર ટીમના ઇન્ચાર્જ એ.એસ.આઈ. શ્રી એમ.વી લુવા તથા પો.હે કોન્સ જયેન્દ્રસિંહ મદારસિંહ તથા પો.કોન્સ અમીતકુમાર ખીમજીભાઈ તથા મનીષભાઈ પરબતભાઈ નાઓ દ્વારા અરજદારોને સાયબર ફ્રોડ થી ગુમાવેલ રૂપીયા પરત અપાવામા આવેલ છે.

૧. અરજદાર મીત મુકેશભાઈ આંબલીયા રહે.રાજકોટ વાળા નાઓને દીલ્હીની ઓટોપાર્ટસ ની એજન્સી માથી ઓટોપાર્ટસ ની ખરીદી કરેલ અને તેનો માલ ન આવતા તેઓ રૂબરૂ દીલ્હી જતા ત્યા આવી કોઈ એજન્સીન હોય એટલે ખોટી એજન્સીના નામે સાયબર ફ્રોડ કરેલ હોય જેના છત. ૧૧,૦૪૦/- પરત અપાવેલ છે. ૨. અરજદાર સુનીલભાઈ જેયંતીભાઈ ચૌહાણ રહે રાજકોટ વાળા નાઓએ બેંગ્લોર થી ઓનાલાઈન અવનવા પક્ષીની ખરદી કરેલ હોય પરંતુ સામાવાળાએ પક્ષી ન મોકલ્યા અને પૈસાપણ પરત આપેલ ન હોય અને આવી રીતે સાયબર ફ્રોડ કરેલ હોય જેના રૂા.૧૧,૩૮૨/- પરત અપાવેલ છે.

જયારે અરજદાર એકતા ડો/ઓ મહેન્દ્રભાઈ પોપટ રહે.રાજકોટ વાળા નાઓએ ઈન્સ્ટાગ્રામમાથી ચણીયા ચોલીની ખરદી કરેલ હોય પરંતુ સામાવાળાએ ચણીયાચોલી પણ ન મોકલી અને પૈસાપણ પરત આપેલ ન હોય અને આવી રીતે સાયબર ફ્રોડ કરેલ હોય જેના છત.૪,૮૩૯/- પરત અપાવેલ છે. ૪. અરજદારશ્રી મુસ્તફા સિરાજભાઇ મુસાણી વાળા નાઓને સામાવાળાએ ઓનલાઇન ફ્રી કેડીટકાર્ડ કાઢી આપશે અને જુના ક્રેડીટકાર્ડની લીમીટ વધારી આપશે તેવી લાલચ આપી તેમની સાથે સાયબર ફ્રોડ કરેલ હોય જેના ૩૮,૦૦૨.

બીજા બનાવમાં અરજદાર પંકજ દેવદાનભાઇ કુંભારવાડીયા વાળા નાઓને સામાવાળાએ ઓનલાઇન ફ્રી મા ક્રેડીટકાર્ડ ની લિમિટ વધારી આપશે તેવી લાલચ આપી તેમની સાથે સાયબર ફ્રોડ કરેલ હોય જેના છત.૩૬,૮૧૬/- પરત અપાવેલ છે. આમ ઓનલાઇન ફ્રોડથી અરજદારોએ ગુમાવેલ રૂા..૧.૦૪.૦૭૯/- પરત અપાવવામા આવેલ છે.

# સિવિલ હોસ્પિટલની ઘટનાના પગલે મેડિકલ કોલેજના રેસિડેન્ટ તબીબોનો વિરોધ

## કોન્ટ્રાક્ટ બેઈઝ પર કામ કરતા મહિલા કર્મીને ફડાકા ઝીંક્યા બાદ તમામ કર્મચારી હડતાળ ઉપર ઉતર્યા'તાઃ આક્ષેપ કરનાર દર્દી કોઈને જાણ કર્યા વિના જ ફાઈલ લઈ ચાલ્યા ગયાઃ તબિબોએ સુરક્ષા વધારવાની માંગ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે સમયસર અને યોગ્ય સારવાર ન મળતી હોવાના આરોપો સાથે હોસ્પિટલનાં કર્મચારી રૂખસાનાબેન રાઠોડે વિરોધ નોંધાવ્યો હતો. આ દરમિયાન તેમણે રેસિડેન્ટ ડોક્ટર્સ સાથે વર્ષણ થયાનું જણાવ્યું હતું. જોકે, આજે આ મામલે મેડિકલ કોલેજનાં રેસિડેન્ટ ડોક્ટર્સ સામે આવ્યા હતા અને રૂખસાનાબેને કરેલા આ તમામ આરોપો ખોટા હોવાનું જણાવ્યું હતું અને દર્દીને તમામ જરૂરી સારવાર આપી ઈમરજન્સી નહીં હોવાનું કહેતા ખોટી રીતે વીડિયો ઉતારવા જતા માત્ર વીડિયો લેવાની મનાઈ કરી હોવાનો દાવો કર્યો હતો.

આક્ષેપ કરનાર દર્દી કોઈને જાણ કર્યા વિના ફાઈલ લઈને ચાલ્યા ગયા હોવાનો દાવો કર્યો હતો તેમજ આ પ્રકારના બનાવો વારંવાર બનતા હોવાથી સુરક્ષા વધારવા માંગ કરી હતી.

દર્દીને તાત્કાલિક સારવાર આપવા છતાં ખોટા આક્ષેપો કર્યા હોવાનું સિવિલ હોસ્પિટલનાં ડોક્ટર અજય રાઠોડે જણાવ્યું હતું કે, સવારે ૮:૪૫ કલાકે ઈમરજન્સી વિભાગનાં વોર્ડ નં-૭માં ૪૨ વર્ષીય જ્યોત્સનાબેન પ્રવીણભાઈ નામના દર્દી ગભરામણ તથા નબળાઈ સાથે આવ્યા હતા અને તેને તાત્કાલિક ધોરણે દાખલ કરીને તપાસ કરીને છાતીની પછી કાઢેલ તથા યોગ્ય સારવાર ચાલુ કરવામાં આવી હતી. જોકે, દર્દી સભાન તથા સ્ટેબલ અવસ્થામાં હતા. આ પ્રકારની તાત્કાલિક સારવાર મળવા છતાં પણ તેમની સાથે આવેલ રૂખસાનાબેન (ઘડઉ વિભાગના સર્વન્ટ) અને તેમના બે સગાઓ દ્વારા વોર્ડમાં કામ કરી રહેલા કર્મચારીઓનો વીડિયો લેવાનું શરૂ કરવામાં આવ્યું હતું. અચાનક વીડિયો ઉતારી તેમાં સારવાર નહીં મળ્યાનું બોલતા હોવાથી ફરજ પર હાજર ડો. મેરી એલ અને પોતે તેમને વીડિયો લેતા અટકાવવા પ્રયાસ કર્યો હતો. મહિલા દર્દીઓ અને ડોક્ટર્સનો વીડિયો લેવો તે યોગ્ય નહીં હોવાથી તેઓને રોકવાનો પ્રયાસ કરતા તેમના સાથે દુર્વ્યવહાર ગાળો આપીને હાથાપાઈ પર ઉતરી હતા. બાદમાં મીડિયા સમક્ષ ખોટા નિવેદનો કરી બપોર બાદ દર્દી હોસ્પિટલમાંથી દાખલની ફાઈલ લઈને કોઈને જાણ કર્યા વગર ચાલ્યા ગયા હતા.

આમ, કારણ વિના અમારા પર આરોપ લગાવવામાં આવ્યા હતા. તબીબીની સુરક્ષા માટે ઉચ્ચકક્ષાએ રજૂઆત સિવિલ હોસ્પિટલમાં અવારનવાર આવા બનાવો બનતા હોય છે. જેમાં કોઈ દર્દી કે તેમના સગાઓ દ્વારા ડોક્ટર્સ પર હુમલો કરવામાં આવે છે ત્યારે આ અંગે ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવામાં આવશે અને તાત્કાલિક ડોક્ટર્સની સુરક્ષા માટે જરૂરી સ્ટાફની વ્યવસ્થા કરવામાં આવે એવી માંગ પણ કરવામાં આવનાર હોવાનું તેમણે જણાવ્યું હતું. પાછળથી મને ધક્કો મારી મારા પર હુમલો કર્યો ડો. મેરીએ આ અંગે જણાવ્યું હતું કે, આ દર્દીને તમામ જરૂરી સારવાર આપવામાં આવી હતી તેમછતાં પણ તેના સગાઓ અને સ્ટાફના એક મહિલા કર્મચારી દ્વારા મારા વીડિયો બનાવવામાં આવતા હતા. જેને રોકવાનો પ્રયાસ કરતા મારા ઉપર હુમલો કરવામાં આવ્યો હતો તેમજ પાછળથી મને ધક્કો પણ મારવામાં આવ્યો હતો. આવા બનાવો અવારનવાર બનતા હોવાથી તાત્કાલિક આ મુદ્દે યોગ્ય પગલાં લેવામાં આવે એવી અમારી માગ છે તેમજ ડોક્ટર્સની સિક્યુરિટી વધારવામાં આવે એવી માંગ તેમના દ્વારા કરવામાં આવી હતી.

# સદર બજારમાં ભાડુઆતના વારસદારોએ દુકાનમાં કબ્જો જમાવતા લેન્ડ ગ્રેબીંગનો ગુનો દાખલ

## ૩૫ વર્ષ પહેલાં ભાડે આપેલી દુકાનના ભાડુઆતનું અવસાન થતાં વારસદારોએ માગ્યા રૂા.૨૦ લાખ


**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પ્રધુમનનગર પોલીસ મથક વિસ્તારમાં ૩૫ વર્ષથી ભાડે રાખેલી દુકાન ખાલી કરવા ૨૦ લાખની માંગ કરવામાં આવી હતી. સમગ્ર મામલે દુકાનમાલિકે મહિલા સહિત બે સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે હાલ પોલીસે મહિલાને ઝડપી બીજા આરોપીની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની માહિતી મુજબ સદર બજારમાં રહેતા ૮૫ વર્ષીય સાલેહભાઈ ઉર્ફે સાલેભાઈ મહમદઅલી ચુનાવાલાએ શ્રેયસ સોસાયટીમાં રહેતા ધાર્મિષ્ઠાબેન નવીનકુમાર ઉમરાણીયા અને જસાણી પાર્કમાં રહેતા તેમના જેઠ મુકેશકુમાર કંચનલાલ ઉમરાણીયા સામે લેન્ડગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, તેઓ પોતાના બે બાળકો અને તેમના પરિવાર સાથે રહી નિવૃત જીવન જીવે છે. તેઓના મકાનમાં બે દુકાન છે, જે પૈકી એક દુકાનમાં સોની નવીનકુમાર સોનીકામ કરતા હતા. જે દુકાન છેલ્લા ૩૫ વર્ષથી બંધ છે. છેલ્લે ૨૦૦૩માં અમને ભાડું ચુક્યું હતું, બાદમાં ભાડું ચૂકવવાનું બંધ કરી દીધું હતું.

ત્યારબાદ તેમણે દુકાન પેટા ભાડે આપવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, પોતે આ દુકાન કોઈને ભાડે નહિ આપવા નોટિસ આપી હતી. ચાર વર્ષ પૂર્વે નવીનભાઈનું અવસાન થયું તે પૂર્વે દુકાન સોંપી દેવા વાત કરી હતી. પરંતુ થોડા સમયમાં સોપી દેશે તેવું કહ્યું હતું. તેમનું અવસાન થતા તેના પત્ની અને ભાઈએ દુકાનમાં તાળા મારી દીધા હતા. જેથી આ અંગે તેમના પત્નીને વાત કરતા તમારે દુકાન જોઈતી હોય તો પૈસા આપવા પડશે તેમ કહ્યું હતું. આ સાથે જ આ અંગે તેમના જેઠ સાથે વાત કરવા જણાવ્યું હતું. બાદમાં મૃતકના ભાઈ મુકેશભાઈ રૈયાનાકા ખાતે મારી દુકાને આવ્યા હતા અને તમારે દુકાનનો કબ્જો જોઈતો હોય તો અમે ૪ વારસદારો છીએ ચારેયને રૂ. ૫-૫ લાખ રૂપિયા આપી ધો તેવું કહ્યું હતું. જેથી નવીનભાઈએ એમનમ દુકાન સોપી દેશું તેવું કહેતા તેણે બોલાચાલી કરી હતી. પછી પણ બે ત્રણ વખત દુકાને આવીને રૂપિયાની માંગણી કરી અને લેન્ડગ્રેબિંગની અરજી કરી છે, તે પાછી ખેંચી લ્યો નહિતર સારું નહિ રહે તેવી ધમકી પણ આપી હતી. ફરિયાદનાં આધારે એસીપી રાધિકા ભારાઈએ ગુનો નોંધી મહિલા આરોપીની ધરપકડ કરી મુકેશની શોધખોળ હાથ ધરી છે.

# ઠેબચડા ગામે જુગાર રમતા નવ શખ્સોની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના ઠેબચડા ગામે ચાલતી જુગાર ક્લબ પર એલસીબીની ટીમે દરોડો પાડી ૯ પતા પ્રેમીઓને પકડી રોકડ રૂ.૫૫ હજાર કબ્જે કરી છે. માહિતી મુજબ એલસીબી ઝોન-૧ના પીએસઆઈ બી.વી.બોરીસાગર સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે ઠેબચડા ગામે રહેણાંક મકાનમાં જુગાર રમાતો હોવાની બાતમી મળતા દરોડો પાડી જુગાર રમતા તુષાર ભટ્ટી, જગદીશસિંહ ઝાલા, સંજય દુમાદીયા, રણજીત સરવૈયા, સંજય જાદવ, હરેશ મોઢવાણીયા, નરોતમ ઉર્ફે દિલીપ સરવૈયા, મનીષ સોલંકી, સાગર ઉર્ફે વિજય ગોરધન સરવૈયા સહિતના નવ શકુનીઓને ઝડપી રોકડ રૂ.૫૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# અંજારમાં રૂા.૪૦ લાખની લૂંટ કરનાર સાત શખ્સો ઝડપાયા

## લૂંટારૂ ટોળકીને પટ્ટાવાળાએ આપેલી ટીપના આધારે ૪૦ લાખની લૂંટને અપાયો હતો અંજામ

**મુખ્ય સમાચાર, ગાંધીધામ**



અંજાર શહેરમાં મહાવીર ડેવલોપર્સ પેઢીમાં થયેલી ૪૦ લાખની લૂંટ કેસમાં શરૂઆતથી જેની આશંકા હતી તે સાથી ઠરી છે. ડેવલોપર્સ પેઢીમા કામ કરતા પટ્ટાવાળાએ આપેલી ટીપના આધારે રામગ્ર લૂંટને અપાયો હતો. પોલીસે ગણતરીના કલાકોમાં કામ કરીને પટ્ટાવાળા સમેત કુલ્લ સાત શખ્સોની ધરપકડ કરી છે. જેમાં એક મહિલા અને ત્રણ કિશોરનો સમાવેશ થાય છે. આરોપીઓ પાસેથી તમામ રિકવર કરાયો છે. મુદ્દામાલ ગુરૂવારે રાતે અંજારની કોલોનીમાં શાળા નં. ૩ આવેલ મહાવીર મિસ્ત્રી ની નજીક ડેવલોપર્સના બે કર્મચારી થેલામાં રોકડા ૪૦ આ બેગ ગાડીમાં મુકવા ત્યારે બાઈક પર લાખ ભરી જતા હતા આવેલા ચાર શખ્સોએ ઝપાઝપી કરી ૨૪ સેકન્ડમાં લૂંટને અંજામ આપી ભાગી અંજારના ધમધમતા ગયા હતા. વિસ્તારમાં છરીની અણીએ ૪૦ લાખની આરોપીઓને ઝડપી લૂંટ થતા પાડવા માટે અલગ અલગ આઠ ટીમો બનાવવામાં આવી હતી.. જેમાં પોલીસને સફળતા પ્રાપ્ત થઈ છે.

પૂર્વ કચ્છ એસપી સાગર મહિલા સહિત ૭ દબોચાયા બાગમારે આજે એસપી કચેરી ખાતે પત્રકાર પરિષદ યોજીને માહિતી આપી હતી. તેઓએ જણાવ્યું કે, આ ગંભીર ગુનામાં એલસીબી પીઆઈ એન. એન. ચુડાસમા અને અંજાર પીઆઈ ભેંસ ડી. સીસોદીયાની આગેવાનીમાં ટીમો બનાવવામાં આવી હતી. પોલીસે જાહેર રસ્તા પર આવેલા તમામ કેમેરાના ફૂટેજનું એનાલીસીસ કરી મહાવાર ડેવલોપર્સના સ્ટાફની વારા ફરતી પુછપરછ કરતા અહીં કામ કરતો કિશોર વયનો પટ્ટાવાળો શંકાસ્પદ જણાતા ઝીણવટભરી પુછપરછ કરાતા વટાણા વેરી નાખ્યા હતા. તેની તેણે સાથે છ થી સાત શખ્સોએ ભેગા મળીને બનાવને અંજામ આપ્યો હતો. રોકડ ભરેલો થેલો ગાડીમાં મુકવા જતા હતા ત્યારે આરોપીએ બાતમી આપી હતી. જેના આધારે સમગ્ર લૂંટને અંજામ અપાયો હતો. અહીં કામ કરેતો પટ્ટાવાળો છેલ્લા દોઢેક મહિનાથી નોકરી કરતો હોઈ ઓફીસમાં થતા રોજબરોજના લાખો રૂપિયાના હિસાબોને જોઈને લોભ લાલચમાં આવી જઈ તેની પડોશમાં રહેતા આરોપો પંથપુર બારીચીની ફરઝાના ઉર્ફે મંજુ ઈમરાનખાન મલેક (ઉ.વ.૩૪)ને જાણ કરી હતી. ફરઝાનાએ તેના કિશોર વયના મિત્રને જાણ કરતા ત્રણેય જણા ભેગા મળીને લૂંટનું ષડયંત્ર રચ્યું હતું. ફરઝાનાના કિશોર વયના મિત્રએ તેના અન્ય મિત્રોને જાણ કરી લૂંટને અંજામ આપવા સ્થળ પર જવાનું નક્કી કર્યું હતુ. પોલીસે આ ગુનામાં લૂંટ ચલાવનાર ગાંધીધામના એફસીઆઈ ચેક પર રહેતા ૧૯ વર્ષિય ભુપેન્દ્ર છોટેલાલ કેવર અને ખારીરોહરના ૨૮૦ વર્ષિય હબીબ ઉર્ફે આદીલ હાજીભાઈકોરેજા તેમજ ગુનાહિત કાવતરું રચનાર અને ટીપ આપનાર પટ્ટાવાળો અને અન્ય કિશોર તેમજ ફરઝાના અને સ્થળ પર રેકી કરનાર અન્ય કિશોર અને મુદ્દામાલ છુપાવનાર વાંકીના ૨૩ વિવર્ષિય ઈકબાલ મીઠુભાઈ બાયડની ધરપકડ કરવામાં આવી છે. જયારે લૂંટને અંજામ આપનાર અન્ય બે શખ્સો ભચાઉ હિંમતપુરાના ફારૂક કુમા નારેજા અને મીઠાપોર્ટ કંડલાના મામદ બાવલા મથડા ફરાર છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડા રૂા. ૪૦ લાખ. ૭૦ હજારના દસ મોબાઈલ તેમજ ગુના કામે વપરાયેલ બાઈક નંબર જી.જે.૩૯ એ. ૫૮૯૫ અને જી.જે.૧૨ઈ.એમ. ૮૪૦૫ કબજે કરી છે. આરોપીઓ પૈકી ભુપેન્દ્ર અને ઈકબાલ એગાઉ ચોરી સહિતના ગુનામાં ચાપડે ચડી ચુકયા છે. આ કામગીરીમાં એલસીબી પીઆઈ એન અને. ચુડારામ, અંજાર પીઆઈ એસ. ડી. સીસોદીયા, તેમજ પૂર્વ કચ્છ એલસીબી, એસઓજી, બનાસકાંઠા એલસીબી, પ્રાગપર, ગઢશીશા, ભચાઉ અને અંજાર પોલીસ જોડાઈ હતી.

# દેણુ વધી જતા રાજકોટનો પટેલ પરિવાર ૨૬ દિવસથી ભેદી રીતે ગુમ

## દંપતિ સહિત પુત્ર ગુમ થતા વૃધ્ધ પિતાએ માલવીયાનગર પોલીસમાં ફરિયાદ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટનાં ૧૫૦ ફૂટ રિંગરોડ નજીક ઉમિયા ચોકમાં રહેતો કારખાનેદાર તેના પત્ની અને પુત્ર સાથે છેલ્લા ૨૬ દિવસથી ઘર છોડી ભેદી રીતે લાપતા થઇ ગયા છે. આ કારખાનેદારનાં પિતાએ પોલીસને જાણ કરી છે. લાપતા થયેલા કારખાનેદાર હરસુખભાઈનાં લેણીયાતો પણ ઘરે આવતા હોવાનું પિતાએ પોલીસને જણાવ્યું છે. જેને લઈ દેણું વધી જતા કારખાનેદારે ઘર છોડયું હોવાની શંકાએ પોલીસે ત્રણેયની ભાળ મેળવવા કોલ ડિટેઈલ સહિતના આધારે શોધખોળ હાથ ધરી છે.

આ બનાવ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર રાજકોટ ઉમિયા ચોકની વૈકુંઠધામ સોસાયટીમાં રહેતા અને કાંગશીયાળીમાં સબમશીર્બલ પાટ્ર્સનું કારખાનું ધરાવતા ૪૦ વર્ષીય હરસુખભાઈ નાગજીભાઈ બુસા તા. ૧૪મેનાં રોજ ૩૯ વર્ષીય પત્ની મનીષાબેન અને ૧૪ વર્ષનાં પુત્ર તીર્થ સાથે ઘરેથી નીકળી ગયા બાદ ભેદી રીતે લાપતા થઈ ગયા છે. દંપતિ અને પૂત્ર લાપતા થઈ જતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન ઘરે લેણિયાત પહોચતા દેણું વધી જતા ત્રણેય ઘર છોડીને જતા રહ્યા હોય તેવી શંકાએ કાલાવડના મોટાવડાળા ગામે રહેતા હરસુખભાઈના પિતા નાગજીભાઈ બુસાએ માલવિયાનગર પોલીસમાં પુત્ર, પુત્રવધુ અને પૌત્ર ગૂમ થયાની જાણ કરી હતી. હાલ પોલીસે આ અંગે તપાસ શરૂ કરી છે.